સુવિચાર
જે મા-બાપે આપણાં માટે આખી જિંદગી ખર્ચી હોય તેના માટે આપણે થોડો સમય પણ ન ખર્ચી શકીએ તો એ શરમ અને લજ્જાનો વિષય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૫/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૩૪

## રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને મુંબઈ વચ્ચે બસ સેવામાં વધારો જરૂરી

# અમરેલીને બ્રોડગેજ અને બુલેટ ટ્રેન છોડો સારી બસ સેવા આપો

જિલ્લામાં માળખાકીય સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય કે રોજગારી ઉપલબ્ધ ન હોવાથી મોટા પ્રમાણમાં સ્થળાંતર થતું હોય ગંભીરતાથી વિચાર કરવો જરૂરી

જિલ્લામાંથી હજારો વિદ્યાર્થીઓ શિક્ષણ માટે, દર્દીઓ આરોગ્ય અર્થે મહાનગરોમાં આવન-જાવન કરતાં હોવાથી બસ સેવા અત્યંત જરૂરી

રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈ વચ્ચે દરરોજ ટ્રાફિકમાં સતત વધારો થતો હોય એસ.ટી. વિભાગ કાંઈક કરે તેવી માંગ

બ્રોડગેજ કે બુલેટ ટ્રેન એક દાયકા પહેલા કોઈપણ સંજોગોમાં મળે તેમ ન હોય બસ સેવામાં વધારો કરવો જરૂરી




પ્રતિકાત્મક તસ્વીર




અમરેલી, તા. ૨૦
અમરેલી જિલ્લાની ૧૫ લાખની જનતાને ભૌગોલિક સ્થાન, નેતાઓની નિષ્ક્રીયતા જેવા વિવિધ કારણોસર માળખાકીય સુવિધાઓ આઝાદીનાં ૭૬ વર્ષ બાદ પણ મળતી ન હોય જિલ્લાની જનતામાં રાજકીય આગેવાનોની નિષ્ક્રીયતા સામે નારાજગી જોવા મળી છે. તેવા સમયે રાજકીય આગેવાનો છેલ્લા ૨ દાયકાથી બ્રોડગેજ સુવિધાની ગુલબાંગો ફેંકી રહ્યાં છે પરંતુ જિલ્લાનાં મુખ્ય મથકમાં એક દાયકા સુધી બ્રોડગેજ સુવિધા મળે તેવા કોઈ એંધાણ જોવા મળતા નથી.

સમગ્ર સૌરાષ્ટ્રનું એકમાત્ર જિલ્લા મથક અમરેલી આજે બ્રોડગેજ રેલ્વે સેવાથી વંચિત છે અને દેશમાં આજે બુલેટ ટ્રેનની ચર્ચા વચ્ચે અમરેલીની જનતાને બ્રોડગેજ અને બુલેટ ટ્રેન છોડીને હવે રાજકીય આગેવાનો અમરેલીને રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા કે મુંબઈ સુધીની શ્રેષ્ઠ કક્ષાની એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ કરાવે તેવી માંગ કરી રહી છે.

અમરેલી જિલ્લામાં શિક્ષણ, આરોગ્ય કે રોજગારીની ભીષણ સમસ્યા હોવાથી જિલ્લાનાં હજારો યુવાનો ઉચ્ચ અભ્યાસક્રમ અર્થે મહાનગરોમાં જઈ રહ્યા છે. તો જિલ્લામાં અનેક રોગોની સારવાર ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓ પણ મહાનગરોમાં સારવાર અર્થે અવરજવર કરી રહ્યા છે, તો બેરોજગાર યુવાનો પણ રોજગારી અર્થે મહાનગરોમાં સ્થાયી થયા હોય વાર-તહેવારે તેઓ વતનમાં આવન-જાવન કરતાં હોવાથી મહાનગરો તરફની બસ સેવામાં સતત વધારો કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ રહી છે.

### એસટીનાં અધિકારીઓને મુસાફરોની ચિંતા નથી

## લ્યો બોલો : અમરેલી-વાપી રૂટની ટ્રાફિકથી ધમધમતી એસ.ટી. બસ બંધ

### દિનપ્રતિદિન બસ બંધ થતાં મુસાફરની પરેશાની વધી



અમરેલી, તા. ૨૦
અમરેલી-વાપી એસ.ટી. રૂટની બસ ઘણા સમયથી અચાનક જ બંધ કરી દેવાતા મુસાફરોને હેરાનગતિ થવા પામી છે. આ રૂટમાં ડાયરેકટ વાપી જવા તેમજ આજુબાજુના ગામોમાં જવા માટેનાં મુસાફરોને આ બસ ખૂબ જ અનુકૂળ રહેતી હતી. આ બસમાં મુસાફરોનું ટ્રાફિક પણ રહેતું હતું. ત્યારે આ રૂટની બસ અચાનક જ બંધ થતાં મુસાફરોને હેરાનગતિ થઈ રહી છે. ત્યારે વલસાડ ડેપોની આ બસ બંધ થતાં અમરેલી ડેપો દ્વારા વાપી રૂટની બસ શરૂ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર એસ.ટી. વિભાગ દ્વારા અમરેલીથી વાપી જવા માટેની એકમાત્ર બસ કેટલાક સમયથી બંધ કરી દેવાતા મુસાફરોમાં નારાજગી અને રોષનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ બસ વાપી જવા માટે મુસાફરોને ખૂબ જ અનુકૂળ રહેતી હતી. વળી આ બસમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### એક તરફ કાળઝાળ ગરમી અને બીજી તરફ દે ધનાધન

## ધારીનાં ગીરકાંઠાનાં નાગધ્રા અને લાખાપાદર ગામે કમોસમી વરસાદે ચિંતા વધારી દીધી

### જિલ્લામાં કોઈને કોઈ સ્થળે કમોસમી વરસાદ પડી રહ્યો છે





અમરેલી, તા. ૨૦
કમોસમી વરસાદ જાણે અમરેલી જિલ્લાનો પીછો છોડતો જ ન હોય ત્યારે છેલ્લા ઘણા જ દિવસોથી અમરેલી જિલ્લામાં વણનોતર્યા મહેમાનની જેમ કમોસમી વરસાદ આવી ચડે છે. ત્યારે આજે બપોરનાં સમયે ધારી તાલુકાનાં ગીરકાંઠાનાં વિસ્તાર એવા નાગધ્રા તથા લાખાપાદર ગામે વરસાદ પડયો હતો.

ગીરકાંઠાનાં ધારી તાલુકાનાં નાગધ્રા તથા નજીકમાં જ આવેલ લાખાપાદર ગામે બપોરનાં સમયે વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવી ગયો હતો અને જોરદાર પવન સાથે કમોસમી વરસાદ તૂટી પડયો હતો.

બે દિવસ પહેલા જ સાવરકુંડલા તથા બાબરાપંથકમાં પણ કમોસમી વરસાદ પડયો હતો. આમ અમરેલી જિલ્લામાં જેઠ મહિનામાં પણ કમોસમી વરસાદ પડતા કેરી તથા અન્ય પાકોને નુકસાન થવા પામેલ છે.

સરકાર ધ્વારા કમોસમી વરસાદથી થયેલ નુકસાન અંગેનો સર્વે શરૂ હોય ત્યારે જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ કમોસમી વરસાદ શરૂ છે. ત્યારે આવા વરસાદથી ખેડૂતોમાં ચિંતાનું મોજુ પ્રસરી રહ્યું છે.

ફલેટ ભાડે આપવાનો છે
સંકુલ સામે, ચક્કરગઢ રોડ, વાસ્તુ હાઈટસમાં પેલા માળે... જેમાં બે બેડરૂમ, હોલ, કિચન
Mo. 98251 19519

ડૉ. વિવેક જોષી M.B.D.P.M. FIPS.MIAPP
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

શ્રીજી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત
ગાયત્રી ગુરૂકૃપા શૈક્ષણિક સંકુલ
નવા અભ્યાસક્રમોનો પ્રારંભ
પ્રવેશ કાર્ય શરૂ છે.
M.S.W. B.C.A. M.A.(Engalish)
ઉપર મુજબના નવા અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ૨૦% સ્કોલરશીપનો લાભ મેળવો
B.A. B.COM. B.ed L.L.B
અમરેલી-લાઠી હાઈવે, મું.લાઠી, જી.અમરેલી
સંપર્ક મો.૭૫૭૫૮૦૭૩૫૧/૫૨/૫૩

શ્રદ્ધાંજલિ
સ્વ. ગોકળભાઇ મોહનભાઇ ભેસાણીયા (ઉ.વ. ૯૦)
સ્વ.તા. ૧૯-૫-૨૦૨૩, શુક્રવાર.
મુ. મોરજર, તા. ધારી, જી. અમરેલી.
આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા, આપનું સાદગીભર્યુ જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ અમો જીવનભર ભુલીશું નહી, આપ પ્રત્યક્ષ નહી તો પરોક્ષ સદાય અમારી વચ્ચે રહેશો. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
સ્વ. બાબુભાઇ ગોકળભાઇ ભેસાણીયા
શ્રી દલસુખભાઈ ગોકળભાઇ ભેસાણીયા - ૯૯૭૯૨ ૩૮૯૦૧
શ્રી મયુરભાઈ ગોકળભાઈ ભેસાણીયા - ૬૩૭૭૫ ૫૨૯૧૧
શ્રી પરમેશભાઈ ગોકળભાઇ ભેસાણીયા - ૯૮૭૯૭ ૬૪૫૦૮
શ્રી ભાવીનભાઇ બાબુભાઈ ભેસાણીયા - ૯૯૦૯૫ ૨૩૭૧૮
તથા ભેસાણીયા પરિવારનાં જયશ્રી કૃષ્ણ...

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મન, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, જયુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
- દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
- મેટલ અને સીરામીક ફિકસ દાંત
- પેઢાની સફાઈ તથા સર્જરી
- ચોગઠા બનાવવા
- ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્કુ વડે દાંત ફીટ કરવા)
- વાકાચુકા દાંતની સારવાર
ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

### રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ થકી દેશનાં નાગરિકો સશકત બન્યા છે

# અમરેલી ખાતે રાજય માહિતી કમિશ્નર પટેલનાં અધ્યક્ષ સ્થાને જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ

## આરટીઆઈ અરજીઓનાં નિકાલ, અપીલ સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી

અમરેલી, તા. ૨૦

ગુજરાત રાજયના મુખ્ય માહિતી કમિશ્નર અમૃતભાઈ પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. જિલ્લા સેવા સદન ખાતે રાજય મુખ્ય માહિતી કમિશ્નર પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ એ ભારતીય સંસદ દ્વારા ઘડવામાં આવેલ કાયદો છે જે દેશના નાગરિકોને સશકત બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી રહ્યો છે. માહિતીના અધિકાર અધિનિયમ–૨૦૦૫ થકી દેશના નાગરિકોને માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર મળ્યો છે. આ કાયદા થકી લોકશાહી રાષ્ટ્રને સાચી રીતે લોકો માટે કાર્યરત બનાવવામાં મદદ મળી રહી છે. અમરેલી જિલ્લાની સરકારી કચેરીઓ ખાતે વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ સુધીમાં મળેલ આર.ટી.આઈ અરજીઓ, તેના નિકાલ અને અપીલ મુદ્દે રાજય મુખ્ય માહિતી કમિશ્નર અમૃતભાઈ પટેલે સૌ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, આર.ટી.આઈ.નો વાર્ષિક ડેટા રાજય માહિતી આયોગને મોકલવામાં આવે અને અરજકર્તાને ૩૦ દિવસની મર્યાદામાં અરજકર્તાએ માંગેલ માહિતી સ્પષ્ટતા સાથે અને ચોક્કસ રીતે મળે તે બાબતે કાળજી રાખવી જોઈએ. આર.ટી.આઈ. એકટ અંતર્ગત પ્રો એકિટવ ડિસ્કલોઝર અભિગમ થકી સારી રીતે કામગીરી કરવામાં મદદ મળે છે સાથે અરજકર્તાને માહિતી આપતી વખતે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કયા સેકશન અંતર્ગત માહિતી આપવામાં આવી છે તેનો ઉલ્લેખ પણ કરવો જરૂરી છે.

રાજય મુખ્ય માહિતી કમિશ્નર અમૃતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની વિગતો દર્શાવતું પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. જિલ્લાના તમામ અધિકારીઓને આ પ્રેઝન્ટેશન મારફતે વિગતે ઝીણવટભરી બાબતોથી વાકેફ કરવામાં આવ્યા હતા. બેઠકમાં નિવાસી અધિક કલેકટર વાળા, અમરેલી પ્રાંત અધિકારી દેસાઈ, પ્રાંત અધિકારી બગસરા અને ધારી, સાવરકુંડલા ડીવાયએસપી વોરા સહિત જિલ્લાના અધિકારી–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### ચલાલા નજીક આવેલ

# મોરઝર ગામે વાડીમાં ફીટ કરેલ ટપક પધ્ધતીનાં સામાનની ચોરી

## અજાણ્યા તસ્કરો રૂા. ૪૨ હજારનો સામાન ઉઠાવી ગયા

અમરેલી, તા. ૨૦

ધારી તાલુકાનાં મોરઝર ગામે રહેતા વિપુલભાઈ ખોડાભાઈ ભેંસાણીયા નામના ખેડૂતની વાડીમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી બગીચામાં રાખેલ મીની સ્પીકલર ઈરીગેશન સીસ્ટમ (ટપક/ફુવારા પધ્ધતી)નો હેડ યુનિટની કિંમતરૂા. ૨૩૦૦૦ તથા મીની સ્પકલર (પાણીનો ફુવારો) નંગ–૯૦ કિંમત રૂા. ૧૮૯૦૦ મળી કુલ રૂા. ૪૧૯૦૦નાં મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ચલાલા પોલીસમાં નોંધાઈ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# વીજપડી ગામે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૫ ઝડપાયા : ૨ નાસી ગયા

અમરેલી, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાનાં વીજપડી ગામે રહેતા કયુમભાઈ અલીભાઈ ચોટલીયા સહિત ૭ જેટલા ઈસમો તા. ૧૯નાં રોજ બપોરે વીજપડી ગામે જાબુંડા જવાના રસ્તે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૧૩૯૩૦ની મતા સાથે ૫ ને ઝડપી લીધા હતા જયારે ૨ આરોપી નાસી છુટયા હતા.

# સાવરકુંડલા ખાતે દોશી પરિવાર દ્વારા કુદરતી ઉપચાર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૦

શ્રી દિનેશચંદ્ર બાલચંદ સુંદરજી દોશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૨૦/૦૫/૨૦૨૩ને શનિવારના રોજ સાવરકુંડલા ખાતે સ્વ. બિરેનભાઈ દિનેશચંદ્ર દોશીની ચોવીસમી પુણ્યતિથિ નિમિત્તે કુદરતી ઉપચાર કેમ્પ યોજવામાં આવેલ.

આ કેમ્પમાં અસાધ્ય રોગો જેવા કે સાંધાના દુખાવા, સાયટીકા, માઈગ્રેન, ઘૂંટણના દુખાવા, પેરાલિસીસ, ફેકચર પછીની કસરત, તેમજ શરીરના કોઈપણ દુઃખાવાની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. જેમાં એકયુપ્રેશર અને મેગ્નેટ પધ્ધતિ દ્વારા સારવાર કરવામાં આવી હતી. સાવરકુંડલા શહેર અને તાલુકામાંથી ખુબ મોટી સંખ્યામાં દર્દીનારાયણે લાભ લીધેલ આ કેમ્પમાં કુદરતી ઉપચાર કેન્દ્ર સાવરકુંડલાના ચિકિત્સક ગોપાલભાઈ ભરખડા અને હિનાબેન ભરખડા દ્વારા સેવા આપવામાં આવેલ. આ કેમ્પને સફળ બનાવવા માટે પ્રફુલભાઈ ગોસાઈ, શીરીશભાઈ ઠાકર, સતીષભાઈ પાંડે દ્વારા જહેમત ઉઠાવેલ તેમજ પરાગભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આ કેમ્પને સફળ બનાવવામાં આવેલ.

### તમાકુ નિયંત્રણ અધિનિયમ અંતર્ગત

# સા.કુંડલા : ટોબેકો કંટ્રોલ ફોર્સ દ્વારા તમાકુ વિરોધી ઝુંબેશ હાથ ધરાઈ

## ૫૧ કેસ કરી રૂપિયા ૧૦૩૫૦ દંડ વસુલાયો



સાવરકુંડલા, તા. ૨૦

તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (કોટપા ૨૦૦૩) કાયદાની અમલવારી, દંડ અને વસુલાત અંગે સામાજીક જનજાગૃતિ માટે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ અને સાવકુંડલા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા શહેરના જાહેર માર્ગો પર કામગીરી હાથ ધરી દંડ વસુલાયો. જેમા તમાકુની બનાવટો વેચતી દુકાનોમાં ચેકીંગ હાથ ધરી કાયદાનો ભંગ કરનાર ૫૧ દુકાન ધારકો અને જાહેરમાં ધૂમ્રપાન કરતા લોકોને કલમ–૪, ૬ (અ અને બ) અને ૭ હેઠળ ટોટલ ૧૦,૩૫૦ દંડની વસૂલાત કરવામાં આવેલ.

શાળાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુનુ વેચાણ કરતા એકમો, જાહેરમાં ધૂમ્રપાન કરતા લોકો, લારી–ગલ્લાઓ ઉપર ૧૮ વર્ષથી નાની વયના બાળકોને તમાકુ વેચવું દંડનીય અપરાધ છે તથા તમાકુથી કેન્સર થાય છે તેવા આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી દર્શાવતું બોર્ડ, પ્રતિબંધિત સિગારેટનું વેચાણ સહિતના નિયમોના ઉલ્લંઘન બદલ સઘન કાર્યવાહી હાથ ધરાઈ. આ કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો. એસ.બી. મીના, ડો. મનીષ જિયાણી, ડો. ઋત્વિક પટેલ, ડો. વિવેક લાડવા, જિલ્લા કાઉન્સેલર રિયાઝભાઈ મોગલ, સોશયલ વર્કર નરેશભાઈ જેઠવા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર સંજયભાઈ મહેતા, એમપીએચએસ ઉમેદભાઈ ચાંદુ અને હિતેશભાઈ ચૌહાણ તેમજ પોલીસ વિભાગની ટીમ દ્વારા કરાઈ હતી.

૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને તમાકુના વ્યસનથી દૂર રાખવા અને વ્યસન મુકત સમાજનું નિર્માણ કરવા માટે ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ અમરેલી અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. એસ.બી. મીના દ્વારા અપીલ કરેલ જે યાદીમાં જણાવેલ છે.

### સાહિત્ય પરિવાર દ્વારા સુંદર આયોજન

# સાવરકુંડલા ખાતે કવિ રમેશ પારેખની પુણ્યતિથિએ વિશેષ સ્મરણાંજલિ અર્પણ કરાઈ

## સુપ્રસિધ્ધ કવિઓએ વિવિધ કવિતાઓ રજુ કરી

અમરેલી, તા. ૨૦

ગુજરાતી ભાષાનાં યુગંધર કવિ શ્રી રમેશ પારેખની પૂણ્યતિથિએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે સા.કુંડલા સાહિત્ય પરિવાર દ્વારા જાણીતા શિક્ષણ વિદ સામાજિક અગ્રણી વિનુભાઈ રાવળનાં સૌજન્યથી તા.૧૭ મે–૨૦૨૩નાં રોજ વિશેષ સ્મરણાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ આ અમે ઉભા છીએ તસ્વીરમાં 'આયોજન થયેલ

પ્રારંભે આયોજન વિનુભાઈ રાવળએ સહુને પોતાનાં મીઠા મલક સાવરકુંડલામાં આવકાર્યા હતા. કવિ રમેશ પારેખનાં સાહિત્યિક જીવનની, કવિતાની પોતાની આગવી શૈલીમાં પરેશ મહેતાએ પ્રસ્તૃતિ કરી હતી.

ગુજરાતી ભાષાનાં દિગ્ગજ સર્જક કવિશ્રી ભરત વિંઝુડાએ એમની આગવી પઠન શૈલીથી ઝગલો રજુ કરીને માહોલ રમેશમય રસતરબોળ કરી દીધેલ, અરેઃ જ બીજા વરિષ્ઠ કવિશ્રી રમણીક અગ્રાવત દ્વારા કાવ્યપાઠ કરી શબ્દાંજલિ અર્પિત કરી હતી. ગુર્જરગિચના બે સમગ્ર કવિએ ભરત વિંઝુડા, રમણીક અગ્રાવતનાં કાવય પાક અને પરેશ મહેતા દ્વારા ૨.પાની કવિતાએની પુસ્તુતિથી એક ગરિમા પુર્ણ, ભાવવાહી માહોલ નિર્માણ થયેલ.



આ ઉપક્રમમાં અમરેલીથી ગુજરાતનાં જાણીતા વાર્તાણ શ્રી વાસુદેવ સોઢા અને કેળવણીકાર રવજીભાઈ કાચા ખાસ ઉપસ્થિત રહયા. આયોજન અને શિક્ષણવિદ સાહિત્યપ્રેમી વિનુભાઈ રાવળ તથા વાસુદેવ સોઢા, રવજીભાઈ કાચા, કવિ નટવર રાવળ, ચતુર્ભુજ અગ્રાવત, લોકસાહિત્યકાર વિજય મહેતા વગેરેએ પ્રાસંગિક પ્રસ્તુતિ, ભાવાંજલિ જોડાયા હતા.

આ તકે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનાં કેન્સર એવા નિષ્ણાંત ડો. દીપકભાઈ શેઠ, તથા ડો.વાણીયા (એમ.ડી.) સહપરિવાર તેમજ નગરમાંથી ખાસ નિમંત્રિત સાહિત્ય પ્રેમીઓએ હાજરી આપી હતી.

સંચાલન પરેશ મહેતાએ લહેર તેમજ ઉપ્રકમ અનુસાર સુચારૂ વ્યવસ્ટ વિનુભાઈ રાવલ, પરિવારજનો દ્વારા કરવામાં આવી હતી.

# અમરેલી : આઈ.ટી.આઈ. ખાતે ફ્રી સમર સ્કિલ ડેવલપમેન્ટ યોજાશે

અમરેલી, તા. ૨૦

જિલ્લાના ધો.૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા ઉમેદવારો સંસ્થાની તાલીમથી વાકેફ થાય તેમજ ઉમેદવારોને રોજગારીલક્ષી માર્ગદર્શન મળી રહે અને ઉમેદવારોના ઉજજવળ કારકિર્દીના ઘડતર માટે જરૂરી તથા કૌશલ્ય વિકાસના હેતુસર તા. ૨૩/૦૫/૨૦૨૩ થી તા. ૩૦/૦૫/૨૦૨૩ સુધી સવારે ૧૦:૦૦ કલાક થી બપોરે ૦૩:૦૦ કલાક સુધી આઈ.ટી.આઈ અમરેલી ખાતે અનુક્રમે ૩ તબક્કામાં તથા અમરેલી જિલ્લાની તમામ આઈ.ટી.આઈ ખાતે 'FREE SUMMER SKILL DEVELOPMENT CAMP–૨૦૨૩'નુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કમ્પ્યુટર ગ્રુપ, સિવણ ગ્રુપ, ઈલેકટ્રીકલ ગ્રુપ, મિકેનિકલ ગ્રુપ, સિવિલ ગ્રુપ જેવાં વિવિધ ગ્રુપની ૦૨ દિવસની પ્રાયોગિક તાલીમ પૂર્ણ કર્યા બાદ તમામ લાભાર્થીઓને પ્રમાણપત્ર તથા પ્રથમ ક્રમ મેળવનારને પારિતોષિક એનાયત કરવામાં આવશે. આ સંસ્થા સંપૂર્ણપણે સરકારી સંસ્થા છે. આથી ધો. ૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને લાભ લેવા ઈચ્છતા તમામ ઉમેદવારો (૦૨૭૯૨) ૨૨૩૮૨૨ પર વધુ માહિતી મેળવીને પોતાનુ નામ લખી વ્હોટસએપ મેસેજ કરી બેચ પ્રમાણે અનુક્રમે તા. ૨૨/૦૫/૨૦૨૩, તા. ૨૪/૦૫/૨૦૨૩ થી તા. ૨૮/૦૫/૨૦૨૩ સુધીમા રજિસ્ટ્રેશન કરાવવું. તેમ આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અમરેલીના આચાર્ય ડો. તેજલબેન ભટ્ટે એક યાદીમાં જણાવ્યું છે.

### ૨૭ વર્ષ સુધી કામગીરી કરી ફરજ મુકત થનાર

# ચલાલા : પટેલવાડીનાં પ્રમુખનું રઘુવંશી સમાજ દ્વારા સન્માન કરાયું

## નવા પ્રમુખનું સ્વાગત કરાયું



ચલાલા, તા. ૨૦

ચલાલા પટેલ વાડીનાં પ્રમુખ નાથાભાઈ એકધારી સત્યાવીશ વર્ષથી નિઃસ્વાર્થ નિષ્ફઠા એન પ્રમાણીકતાથી સેવા કરવા બદલ ચલાલા લોહાણા મહાજનનાં પ્રમુખ મહેન્દ્રભાઈ રાદ્રરાણી એન લોહાણા મહાજનનાં મંત્રી પ્રકાશભાઈ કારીયા એન જૈન સમાજનાં પ્રમુખ ડોલરભાઈ સંઘરાજકા દ્વારા પુષ્પગુચ્છ અને શાલથી સન્માનીત કરી તેઓની સેવાનો બીરદાવેલ હતી. પટેલવાડીનાં પ્રમુખ નાથાભાઈ ઠેશીયાએ આજે પટેલ સમાજનાં શ્રેષ્ઠીઓની વિશેષ ઉપસ્થિતીમાં પોતાની ઉંમર, નાંદુરસ્ત તબીયત અને વધુ પડતું સુરત રહેવાનું થતું હોવાનાં વ્યાજબી કારણ દર્શાવી પોતાની પટેલ વાડીનાં પ્રમુખ તરીકેની જવાબદારીમાંથી મુકત થવાનું જાહેર કરતા ઉપસ્થિત સહુ આગેવાનોએ તેઓની એકધારી છેલ્લા ૨૭ વર્ષની સેવાને બિરદાવી તેઓને સન્માનીત કર્યા હતા હતા. પ્રમુખ નાથાભાઈ ઠેશીયાએ પટેલાવડીને સંપૂર્ણ સુવિધા યુકત બનાવી સમાજને અર્પણ કરી હતી. આ તકે પટેલવાડીનાં તમામ દાતાઓ, પટેલવાડીનાં ટ્રસ્ટીઓ અને પટેલવાડીને ઉપયોગી બનનાર તમામ મીત્રો અને જુદી જુદી જ્ઞાતીનાં આગેવાનોની ક્ષમાયાચનાં કરી ઉપયોગી બનનાર તમામનો આભાર વ્યકત કરી પોતાને ખર્ચે તમામને ભાવતા ભોજન લેવડાયા હતા. આ તકે પટેલવાડીનાં નવા પ્રમુખ તરીકે પટેલ સમાજનાં તેજસ્વી પ્રતિભા ધરાવતા ઘનશ્યામભાઈ રવજીભાઈ કાકડીયાની પટેલ સમાજનાં શ્રેષ્ઠીઓએ વરણી કરતા ઉપસ્થિત તમામે આ વરણીને આવકારી અભિનંદન પાઠવેલ હતા.

# અમરેલીનાં ગીરીયા ગામે પ્રાથમિક શાળાનું ભૂમિપૂજન કરતાં નાયબ દંડક કૌશિક વેકરિયા



અમરેલીના ગીરીયા ગામની પ્રાથમિક શાળાનાં રૂમમાં કામને સરકાર દ્વારા મંજૂરી મળતાં આ વિસ્તારનાં જાગૃત ધારાસભ્ય અને સરકારનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા દ્વારા સ્થાનિક ઓરડાના બાંધકામનું ખાતમુહુર્ત કર્યુ હતું. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ જેવા કે જિલ્લા પંચાયતના ન્યાય સમિતિનાં ચેરમેન મુકેશભાઈ બગડા, અમરેલી તાલુકા પંચાયત કારોબારી ચેરમેન નિકુલભાઈ માંડણકા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, તાલુકા પંચાયત સદસ્ય પ્રવીણભાઈ ચાવડા, નાના માચીયાળા સરપંચ વનરાજભાઈ ડાંગર, ગીરીયા સરપંચ રોહિતભાઈ ડાભી, ભૂતિયા સરપંચ વિપુલભાઈ જેઠવા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. "સર્વ શિક્ષા અભિયાન" હેઠળ મંજૂર થયેલ પ્રાથમિક શાળાનાં રૂમનું ખાતમુહુર્ત થતાં હવે એનું બાંધકામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. જેથી ગામનાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને એની સુવિધાનો લાભ મળશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# લીલા અને કેસરી રંગોની ભાતવાળી છત્રી જેવા ગુલમહોરની વિશેષતાઓ કુદરતની કરામત છે



અમરેલી, તા. ૨૦

રંગ ભલે અગન જવાળા જેવો લાલ પરંતુ દઝાડતી ગરમીમાં પણ જોનારાની આંખોને હેમાળાની ટાઢક આપતો, ધૂળિયો મારગ હોય કે ડામરની ચમચમતી સડક કે પછી હોય જંગલ જુદો જ તરી આવે તો સમજવું કે એ ગુલમહોર છે. જે ઠારે ઉના ઉના વાયરાના નહોર એ ગુલમહોર.

એવું કહી શકીએ કે, રસ્તાઓની અને બાગ–બગીચાઓની ગરિમામાં ગુલમહોર ઉમેરો કરે છે. ગુલમહોરના પાંદડાઓ અને એના તેના ફુલોએ ફેલાઈ જવાની વિશાળતા સાથે ભવ્યતા ધરાવે છે. ઝડપથી વિકસી જવાની ગુલમહોરની એ વિશેષતા કુદરતની કરામત છે. જાહેર માર્ગો પરના ગુલમહોર, બોગનવેલ, લીમડો, પીપળો, આમલી, આંબા અને વિવિધ કુળના વૃક્ષોએ વાતાવરણની સાથે માનવની પણ રક્ષા કરવાનું ભગીરથ કામ કર્યુ છે. એમાં ગરવો ગરમાળો અને અન્ય કેટલાક વૃક્ષો પણ ખરા.

વળી, ગુલમહોર તો લીલા અને કેસરી રંગોની ભાતવાળી છત્રી હોય તેવી એની આભા ધરાવે છે. અંગ્રેજીમાં એ Royal Poinciana, Flamboyant, Phoenix Flower, Flame of the Forest, Flame Tree જેવા નામે ઓળખાય છે તો સંસ્કૃત્તમાં તે 'રાજ આભરણ' જેનો અર્થ થાય છે, રાજસી આભૂષણો ધારણ કર્યા છે તે. ભગવાન કૃષ્ણના મુગટનો આકાર જેવા પાન ધરાવે છે એથી તેનું એક નામ કૃષ્ણચૂડ પણ છે. સાધારણ રીતે ૨૦–૩૦ ફુટ ઉંચાઇ ધરાવતા અને થડથી વધુ ત્રિજયા વિસ્તારમાં ફેલાયેલા ગુલમહોર એ અન્ય વૃક્ષોની સરખામણીએ વાવવા અને ઉછેરવા સહેલા છે. આથી, રસ્તાઓ પર અને રહેણાંક વિસ્તારમાં એ એટલા સામાન્ય છે અને તેથી જ તેને Street Tree કહેવામાં આવે છે. ભલે તેના ફુલો એપ્રિલથી જૂનના ઉનાળાના સમયગાળામાં આવે પણ આ વૃક્ષ સૂકાતું નથી અને તેના પાંદડાઓ લીલાછમ રહે છે આથી તે છાંયડો પૂરો પાડે છે. ખૂબ સહેલાઈથી ઉગી જાય અને વધુ જતન કે કાળજીની આવશ્યકતા નથી ત્યારે પ્રકૃત્તિના રક્ષણ માટે એક કાર્ય આપણે કરી વધુ સારૂં કરી શકીએ તો સોનામાં સુગંધ ભળી હોવાની અનુભૂતિ થશે. ગુલમહોરના વૃક્ષની નીચે તેની શીંગ નીચે ખરી પડે છે તેમાં રહેલા બીજનું સાચવીએ અને ખાલી જગ્યાઓ જોવા મળે ત્યારે તે બીજનું વધુમાં વધુ જગ્યાઓ પર વાવેતર કરવાનું કાર્ય થઈ શકે. સુશોભન, આયુર્વેદિક દ્રષ્ટિએ અને પર્યાવરણ કવચ તરીકે શ્રેષ્ઠ ગુલમહોરના સ્વાસ્થ્ય અને અન્ય ફાયદાઓ વિશે માહિતી મેળવી શકાય.

**આલેખન : ડો. દિવ્યા છાટબાર**
**પૂરક માહિતી : સુરેશ જે. મિશ્રા**

### તાલુકા આરોગ્ય વિભાગનાં માર્ગદર્શન હેઠળ

# લીલીયા મોટા : ટોબેકો કંટ્રોલ ફોર્સ દ્વારા તમાકુ વિરોધી ઝુંબેશ યોજાઈ

## ૧૦ દુકાનધારકો સામે દંડનાત્મક કાર્યવાહી



લીલીયા, તા. ૨૦

લીલીયા મોટા ખાતે તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (કોટપા ૨૦૦૩) કાયદાની અમલવારી, દંડ અને વસુલાત અંગે સામાજીક જનજાગૃતિ માટે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ અને લીલીયા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા શહેરના જાહેર માર્ગો પર કામગીરી હાથ ધરી દંડ વસુલાયો. જેમા તમાકુની બનાવટો વેચતી દુકાનોમાં ચેકીંગ હાથ ધરી કાયદાનો ભંગ કરનાર ૧૦ દુકાન ધારકોને કલમ–૬ હેઠળ ટોટલ ૨૦૦૦ દંડની વસૂલાત કરવામાં આવેલ.

શાળાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુનુ વેંચાણ કરતા એકમો, લારી–ગલ્લાઓ ઉપર ૧૮ વર્ષથી નાની વયના બાળકોને તમાકુ વેચવું દંડનીય અપરાધ છે તથા તમાકુથી કેન્સર થાય છે તેવા આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી દર્શાવતું બોર્ડ સહિતના નિયમોના ઉલ્લંઘન બદલ સઘન કાર્યવાહી હાથ ધરાઈ. આ કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર લીલીયા, આર.બી.એસ.કે. મેડિકલ ઓફિસર, જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ, તાલુકા હેલ્થ સુપરવાઈઝર તેમજ પોલીસ વિભાગની ટીમ દ્વારા કરાઈ હતી.

૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને તમાકુના વ્યસનથી દૂર રાખવા અને વ્યસન મુકત સમાજનું નિર્માણ કરવા માટે ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ અમરેલી દ્વારા લીલીયા તાલુકા સહિત અન્ય તાલુકાઓમાં પણ કામગીરી કરવામાં આવનાર હોવાનું ઈ.એમ.ઓ. દ્વારા જણાવેલ તેમજ લીલીયામાં દંડાત્મક કાર્યવાહીની સાથે સાથે લોકોને તમાકુના વ્યસનથી દૂર રહી જાહેરમાં ધુમ્રપાન ન કરવા માટે તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા અપીલ કરવામાં આવેલ.

### લેબર કોર્ટ બાર દ્વારા

# અમરેલીનાં ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની બદલી થતાં વિદાયમાન અપાયુ

## મોટી સંખ્યામાં બારનાં સદસ્ય ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૨૦

અમરેલીનાં પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર.ટી. વચ્છાણીની રાજકોટ બદલી થતાં અમરેલી લેબર કોર્ટ દ્વારા વિદાયમાન અપાયેલ. જેમાં શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવેલા.

આ પ્રસંગે અમરેલી લેબર કોર્ટના જજ જે.જે. આહુજા તથા લેબર બારના પ્રમુખ એમ.જે. સૈયદ તથા અશ્વિનભાઈ પટેલ, જતીનભાઈ ગોરખીયા, ચેતનભાઈ રાવળ, સુનીલભાઈ રાજયગુરૂ, વિવેક રાજયગુરૂ, એમ.જે. પરમાર, અજીતભાઈ સોલંકી, કૌશલભાઈ પંડયા, તેજસભાઈ ધોણે તથા લેબર બારના સભ્યો તથા સ્ટાફ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન જતિનભાઈ ગોરખીયાએ કરેલું હતું.

### અમરેલી સરકારી પોલીટેકનિક દ્વારા

# ધારીનાં આંગણે આજે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

## ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શન સેમિનાર યોજાશે

અમરેલી, તા. ૨૦

ડો. જીવરાજ એન મહેતા સરકારી પોલીટેકનીક અમરેલી દ્વારા વિદ્યાર્થીઓના નિષ્પક્ષ અને સચોટ કારકિર્દી માર્ગદર્શન તથા ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શન સેમિનાર ધારી ખાતે યોજાશે.

ધોરણ ૧૦ પછીના પ્રથમ વર્ષ અને C tO D માં બીજા વર્ષના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૨૩–૨૪ ની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાની સંપૂર્ણ માહિતી અને પ્રવેશ કાર્યવાહીના ક્રમિક પગલાં અંગે વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને પડતી મુશ્કેલીઓના માર્ગદર્શન અને વિવિધ સમસ્યાઓના નિવારણ માટે ખાસ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ (ACPDC) અમદાવાદ દ્વારા તેમજ અમરેલી ખાતેની નોડલ સંસ્થા ડો. જીવરાજ એન મહેતા સરકારી પોલિટેકનીકના આચાર્ય બી.પી. રાવલના માર્ગદર્શન મુજબ તજજ્ઞ અધિકારી ડી.એલ. જોષી અને પી. કે. વડોદરીયા દ્વારા ચર્ચાસભા અને માર્ગદર્શન સેમીનાર તા. ૨૧/૫/૨૦૨૩ રવિવારે સવારે ૧૧થી ૧ કલાક દરમ્યાન વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કુલ ધારી ખાતે યોજાશે. જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ સમયસર પધારી આ કાર્યક્રમનો લાભ લેવા જાહેર આમંત્રણ મીડિયા કોર્ડીનેટર વિ. એમ. વાણીયા દ્વારા પાઠવવામાં આવેલ છે.

### અમરેલીનાં હસમુખભાઈ ખોરાસિયાની માંગ

# ગૌ–વંશને ધોમધખતા તાપમાં છાયામાં રાખવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

## ગ્રામ્ય અને શહેરીકક્ષાએ સુપરવિઝન કરવા માંગ કરી

અમરેલી, તા.૨૦

અમરેલી પાલિકાનાં નિવૃત અધિકારી હસમુખભાઈ ખોરાસિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગ્રામ્ય લેવલે ગૌ વંશની લે–વેચ કરનાર (બળદની લે–વેચ કરનાર વેપારીઓ) સંધિ – વેપારીઓ ઉનાળાની સીજનમાં બળદ તથા ગૌ વંશનાં વેપાર કરતા વેપારીઓ / સંધિ લોકો પોતાનાં બળદ / ગૌવંશ લઈ અલગ–અલગ ગામમાં ફરે છે. અને ગામની નજીકની ખુલી જગ્યામાં તેનાં માલ ઢોર બાંધી બે પાં દિ કે અઠવાડીયા માટે પડાવ કરે છે અને તે ગામમાં કે આજુબાજુનાં ગામનાં ખેડૂતો પોતાનાં બળદની લે વેચ કે અદલા બદલી કરે છે.

ઉપરોકત બાબતમાં દરેક જગ્યાએ એવું ધ્યાનમાં આવેલ છે કે આ વેપારીઓ પોતાની સોથ રાખેલ પાંચ–પચીસ બળદ બિલકુલ ધોમ ધખતા ઉનાળાનાં તાપમાં કયાય છાંયો ના હોય ત્યાં ખીલાની સાથે બાંધેલ હોય છે. દરેક જગ્યાએ આવું જ જોવા મળેલ છે. તો આ મુંગા બળદો અને ગૌ–વંશને તથા તેની સાથે રહેલ અન્ય મુંગા પશુઓને કમસે કામ વૃક્ષનાં છાયામાં જ બાંધવામાં આવે, બાંધવામાં આવેલ જગ્યાએ પુરતા પ્રમાણમાં પીવાનાં પાણીની વ્યવસ્થા કરવામાં આવે, પુરતા પ્રમાણમાં સુકા–લીલા ઘાંસ ચારાની વ્યવસ્થા કરવામાં આવે અને તે માટે કાયમી ધોરણે સરકારી રાહે તેનું ગ્રામ્ય અને શહેરી લેવલે સુપરવિઝન– મોનિટરિગ થાય તેવી સુદ્રઢ વ્યવસ્થા સ્થપાય માંગ અંતમાં કરેલ છે.

# ખંભાળા ખાતે કોળી સમાજની બેઠક મળી



બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાનાં ખંભાળા ગામે કોળી સમાજના કાર્યકરોની મીટીંગ અમરેલી જિલ્લા કોળી સેવા સમાજ પ્રમુખ રમેશભાઈ ગોહિલ, રવજીભાઈ મકવાણા, ગોવિંદભાઈ તલસાણીયા, દેવશીભાઈ સાંકરીયા, જસાભાઈ ઝાપડીયા, કાન્તીભાઈ પરનાળીયા, નાથાભાઈ જાદવ, ભરતભાઈ ઝીઝરીયા તથા કોળી સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

આ મીટીંગમાં ખંભાળા ખાતે સમૂહલગ્ન આયોજન કરવા તેમજ કોળી સમાજ સંગઠન મજબૂત બનાવવા અને વિદ્યાર્થીઓનું સન્માન કરવા અમરેલી જિલ્લા કોળી સમાજ પ્રમુખ રમેશભાઈ ગોહિલે જણાવેલ હતું.

એક્ટિવ સર્વિસ પોઈન્ટ
પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીં, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.
કડીયા કામ: નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.
RO ફિલ્ટર સર્વિસ
ઈલેકટ્રીક કામ: વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ
કલર કામ: પુટ્ટી, કલર.
■ AC સર્વિસ ■ સુથારીકામ ■ વેલ્ડિંગકામ ■ ગેસચૂલા
એન્જીનીયરીંગ વર્ક: સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.
ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો
જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023
સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601

"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ
સ્માર્ટ બોર્ડ
દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર
અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU
• ૧૦૦% ચેલેન્જથી કામ
• હસ્તરેખા, લગ્નમાં વિલંબ
• લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
• મેલી વસ્તુ મુક્તિ, ગ્રહકલેશ
• નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
• ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
• એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
• પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
• મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
• શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત
મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪













# એક વખત એવું બન્યું (ખુલ્લામાં શૌચક્રિયા કરતાં બંધ કરાવ્યા)

**ભાગ-૧૮**

**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

નાનપણથી જ ક્રિકેટ રમવાનો શોખ એટલે આ બાબતની બાબરા મામલતદાર કચેરીના સ્ટાફને જાણ થતાં અમારા આધારકાર્ડના ઓપરેટર જોન્ટીભાઈ મને સવારે બાબરાની કમળસી હાઈસ્કૂલના મેદાનમાં ક્રિકેટ રમવા લઈ ગયા. ત્યાનું વાતાવરણ જોઈને હું દંગ રહી ગયો. વચ્ચે સિમેન્ટ વિકેટની આસપાસ યુવાનો ક્રિકેટ રમી રહ્યા હતા. ફરતે બાઉન્ડ્રી પર આસપાસના વિસ્તારના લોકો શૌચક્રિયા કરી રહ્યા હતા. કેટલાક તો બુલેટ લઈને શૌચક્રિયા માટે આવ્યા હતા. મેદાનની ફરતે આઠ ફૂટની કમ્પાઉન્ડ વોલમાં મોટા મોટા ગાબડાં પાડેલા હતા. જેમાંથી આ લોકો આવ-જા કરી રહ્યા હતા. પાછલા મેદાનમાં મહિલાઓ આ કામગીરી કરી રહી હતી. હજુ તો હું નવો હતો. ચાર થી પાંચ દિવસ રમવા ગયો. દરરોજ સવારે આવું જોતો અને ક્રિકેટ રમવા આવતા ખેલાડીઓ સાથે ચર્ચા કરતા છેલ્લા ૩૫ વર્ષોથી આ પ્રમાણે ચાલતું હોવાનું માલૂમ પડયું. આમને ખુલ્લામાં શૌચક્રિયા કરતા બંધ કરવા શકય નથી, આવું મને આ ખેલાડીઓએ કહ્યું,

મેં હવે આ મેદાનની સ્વચ્છતા માટેનું અભિયાન શરૂ કર્યુ. પી.એસ.આઈ.ને સૂચના આપી કે સવારે મારે બે કોન્સ્ટેબલ મેદાન પર હાજર જોશે. શાળાના આચાર્યને પણ થોડી કડકાઈથી વર્તવા સૂચના આપી. ખેલાડીઓને પણ કડક વલણ અપનાવવાની સૂચના આપી. જે વિસ્તારના લોકો સવારે શૌચક્રિયા માટે આવતા તે વિસ્તારમાં માઈક ફેરવી હાઈસ્કૂલના મેદાનમાં શૌચક્રિયા માટે નહીં આવવાની સૂચના આપી. વિસ્તારના કોર્પોરેટરશ્રીને પણ આ બાબતે લોકોને જાણ કરવાની સૂચના આપી. ત્યાંના વાજબી ભાવના દુકાનદાર દ્વારા પણ આ લોકોને સૂચના અપાવી કે જો હાઈસ્કૂલના મેદાનમાં શૌચક્રિયા કરવા જશો તો અનાજ મળશે નહીં. આવું બધું કરવું ખૂબ જરૂરી હતું. નગરપાલિકાને કહીને આ વિસ્તારોમાં જાહેર શૌચાલય બનાવડાવ્યા. દરરોજ સવારે અમે દરેક પૂરતી કાળજી રાખતા અને કોઈને પણ મેદાનમાં રમવા સિવાય ઘૂસવા દેતા નહીં. સરકારી જમીનમાં કેટલાય ઈંટોના ભઠ્ઠાવાળાઓએ દબાણ કરેલ. એટલે મેં એમને બોલાવ્યા અને કહ્યું કે તમારે એક સેવાનું કામ કરવાનું છે. તેમની પાસે રાજી થવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. એટલે એમની પાસે મેં તૂટેલી દીવાલો રીપેર કરાવી. કયારેક વહેલી સવારે અમારા આવ્યા પહેલા જો કોઈ બેસી ગયેલું ધ્યાનમાં આવે તો ખેલાડીઓને સૂચના હતી તે મુજબ તેઓ ડબલું ઢોળી નાખતા. કયારેક એ બેઠા હોય એની આસપાસ પથ્થરના ઘા કરતા, દીવાલો બની ગયા




બાદ તેના રક્ષણ માટે રમતપ્રેમીઓની અલગ અલગ ટીમ બનાવેલ. જે દર બે કલાકે મેદાનમાં હાજર રહેતી અને ચોકી પહેરો કરતા. થોડા દિવસો સુધી આખી રાત ચોકીપહેરો કર્યો. કમળસી હાઈસ્કૂલ અને આમ જુઓ તો બાબરા આખાના એક માત્ર રમત-ગમતના મેદાનમાં ખુલ્લામાં થતી શૌચક્રિયા બંધ કરાવી. જે નામુમકીન હતું તેને મુમકીન બનાવ્યું. આખા મેદાનની નગરપાલિકાના સફાઈ કામદારોની મદદથી ધનિષ્ઠ સફાઈ કરાવવામાં આવી.

રવિવારના દિવસે મેચ રમતા સમયે આખા મેદાનામાં તડકો આવતો. છાંયડામાં બેસવાની કોઈ જગ્યા ન હતી. આથી રમતપ્રેમીઓની મદદથી ડોનર શોધી ૨૫૦૦૦ રૂપિયાના ડોનેશનની મદદથી ૨૦ થી ૨૫ વ્યકિત બેસી શકે તેવું કામચલાઉ પેવેલિયન બનાવવામાં આવ્યું. જેને ડોનરના પિતાશ્રીના નામ પરથી સ્વર્ગવાસી વૈદરાજ વાસુદેવભાઈ પટેલ પેવેલિયન એવું નામ આપ્યું. મેદાનની બાજુમાં હાઈસ્કૂલના કેટલાક રૂમો બિનવપરાશી અવસ્થામાં હતા. આચાર્યશ્રી પાસેથી આ રૂમ પૈકીનો એક રૂમ રમત- ગમતનો રૂમ બનાવવા માટે મેં માંગ્યો. એ રૂમની સાફ-સફાઈ કરાવી ત્યાં રમત-ગમતના કલબની શરૂઆત કરી. તેમાં કેરમ અને ચેસ મૂકવામાં આવ્યા. જેથી યુવાનો તેમના ફી સભ્યમાં અહીં રમી શકે. મેદાન, પેવેલિયન અને કલબના ઉદ્ઘાટન પ્રસંગે પૂર્વ શિક્ષણ નિયામક ડો. નલિન પંડીત સાહેબ સહિત લોકલ આગેવાનોને આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા. મામલતદાર કચેરી ઈલેવન અને શિક્ષક ઈલેવન વચ્ચે સિઝન બોલમાં એક મેચનું આયોજન કરવામાં આવેલ. જેમાં મામલતદાર કચેરી ઈલેવન વિજેતા થયેલ. આ દિવસ પછી બાબરાના યુવાનો સીઝન બોલમાં ક્રિકેટ મેચ રમવા લાગ્યા. કેટલાક દાતાઓની મદદથી અને થોડું ઘણું મારી રીતે વ્યવસ્થા કરીને અમે સીઝન ક્રિકેટ માટેના સાધનો, મેટિંગ અને બેટ વગેરે ખરીદી લાવ્યા. દર રવિવારે સીઝન ક્રિકેટ મેચનું આયોજન થવા લાગ્યું. એક યુવા ગ્રુપની સ્થાપના કરવામાં આવી. જેને નામ આપવામાં આવ્યું બાબરા યુથ ફેડરેશન (બી.વાય.એફ.) ક્રિકેટનો યુનિફોર્મ પણ બનાવવામાં આવ્યો. એક ડિસિપ્લીન ક્રિકેટની શરૂઆત થઈ. કેટલાય જૂના ક્રિકેટરો કે જેમને રમવાનું મૂકી દીધું હતું તેઓ પણ ફરીથી મેદાનમાં સજીવન થયા. ખૂબ મજાના દિવસો હતા. કમળસી હાઈસ્કૂલના આચાર્યશ્રી વ્યાસ સાહેબના સહકાર વગર આ શકય ન હતું.

મેં મામલતદાર કચેરીના પરિસરમાં સૌપ્રથમ ઓપન કેરમ ટૂર્નામેન્ટનું આયોજન કર્યુ જેમાં સિંગલ્સ અને ડબલ્સમાં વિજેતાઓને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ સ્પર્ધા કરવાથી મને બે જીગરજાન મિત્રો મળ્યા. કુલદીપભાઈ ભટ્ટ અને હરેશભાઈ વડાવીયા. એક ત્રીજા અમારા ખાસ મિત્ર કે જેમનો પરિચય મને પછીથી થયો એ દીપકભાઈ ત્રિવેદી. અમે ચાર મિત્રોએ બાબરા યૂથ ફેડરેશનનો પાયો નાખેલ. આખા વર્ષ દરમિયાન અમે મિત્રોએ સાથે મળીને ઘણાં આયોજનો કર્યા. જેમાં પ્લાસ્ટિકની દડી ક્રિકેટ ટુર્નામેન્ટ જે આખી જિંદગી તો ઠીક પણ કદાચ આવતા જન્મમાં પણ નહીં ભૂલાય એટલો આનંદ કર્યો. અમારા મિત્ર ગાંડુભાઈ રાતડિયાની મદદથી અમે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ. ખૂબ જ જબરદસ્ત આયોજન અને પેટ ભરીને બાબરાના યુવાનો ક્રિકેટ રમ્યા. મારા અન્ય ગ્રુપમાંથી આમંત્રણ આપીને સરકારી કર્મચારીઓની અલગ અલગ ટીમને અલગ અલગ દિવસે રમવા બોલાવતા અને અંતિમ દિવસે બાબરાની બે ટીમો વચ્ચે સફેદ સિઝનના બોલમાં ૨૦-૨૦ ઓવર્સનો મહામુકાબલો યોજાયેલ. **(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**

---





**પ્રકરણ-૧૩૮**

**'હાલ કૈસા,, હૈ.. ઝનાબ કા..ઓયે. કયાં ખ્યાલ હૈ.. આપ કા..**

**'એક લડકી ભીગી ભાગી સી..સોતી રાતો મે જાગી સી.. મિલી એક અજનબી સે, કોઈ આગે ના પીછે.. તુમ હી કહો યે કોઈ બાત હૈ'**

પ્રિય વાચક મિત્રો ,

કિશોરકુમાર, અનુપકુમાર અને સર્વ શ્રેષ્ઠ અશોકકુમાર, એટલે ગાંગુલી બ્રધર્સ.. હિન્દી સિનેમામાં રાજકપૂર 'આવારામાં પૃથ્વી રાજકપૂર, રાજકપૂર, અને બાલ કલાકાર શશિકપૂર અને તેમના દાદા, બષેશ્વર નાથકપૂર સાથે જોવા મળ્યા હતા, જેમાં કપૂર ખાનદાનના ચાર કલાકારો જોવા મળ્યા હતા, મહેમુદ અને તેની બહેન મીનું મુમતાઝ પણ સાથે ફિલ્મોમાં જોવા મળ્યા હતા, એ જ રીતે કિશોરકુમારની ફિલ્મ 'ચલતી કા નામ ગાડી' ફિલ્મમાં ત્રણ સગા ભાઈઓ ફિલ્મમાં પણ ત્રણ સગા ભાઈઓની ભૂમિકામાં જોવા મળ્યા હતા. કિશોરકુમારના નિર્માણમાં તેમને આ ફિલ્મ સફળ જશે, અને તે વર્ષની બીજા નંબરની સફળ ફિલ્મ થશે તેનો અંદાઝના હતો, ફિલ્મ ત્યારે સવા કરોડ રૂપિયાનો નફો કર્યો હતો, અને કિશોરકુમાર ઈન્કમ ટેક્સ વિભાગની નઝરોમાં આવી ગયા હતા, તેઓ વાસ્તવિક જીવનમાં પણ એક અલ્લડ વ્યકિત હતા, ટેક્સ ભરવાની ના કહી હતી, અને તે કેસ વર્ષો સુધી ચાલ્યો હતો. કિશોરકુમારને હોલીવુડ ફિલ્મ પરથી આ ફિલ્મ બનવવાનો વિચાર આવ્યો , અને તેમણે અશોક અને અનુપકુમારને વાત કરી, પણ




અનુપકુમાર ફિલ્મ કરવા રાજી ના હતા, પણ અંતે તેઓ માની ગયા હતા, ફિલ્મમાં તેમની વારસાઈ કાર ફોર્ડ જે ૧૯૨૯નું મોડેલ હતી તે ફિલ્મમાં ચોથા હીરો તરીકે સ્થાન પામી હતી, ફોર્ડ કાર તેની એવરેજ અને મજબૂતાઈના રૂપે શ્રેષ્ઠ માનવામાં આવતી હતી, તે કારને તેઓ 'ચેમ્પિયન'ના નામથી બોલાવતા હતા, અને ફિલ્મના એક કાર રેસના દ્રશ્યમાં, જે સંપૂર્ણપણે એડિટ કરી ફિલ્મમાં સમવાયું હતું, આ ફોર્ડ કારને વિજેતા ઘોસિત કરવામાં આવે છે .

કિશોરકુમાર આ ફિલ્મ નિર્દેશક કમલ મજમુદાર સાથે કરવા માંગતા હતા, પણ કિશોરકુમારના અલ્લડ સ્વભાવથી તેઓ કંટાળી આ ફિલ્મ શરૂ થવાના થોડા કલાકો પહેલા જ ફિલ્મનું નિર્દેશન કરવાની ના કહી, અને છેવટે આ ફિલ્મ માટે સત્યેન બોઝનો સંપર્ક તાત્કાલિક કરવામાં આવ્યો, અને ફિલ્મ શરૂ થઈ હતી, ફિલ્મનું શૂટિંગ, મરીન ડ્રાઈવ, જુહુ બીચ અને મહાબળેશ્વરમાં કરવામાં આવ્યું હતું. ફિલ્મ પહેલા વીકથી જ સફળતાના શિખરો સર કરી દેતા કિશોરકુમારે નિર્માણમાં તેમના સેક્રેટરી અનુપશર્માનું નામ ચડાવી દીધું હતું, પણ તેમ છતાં તેઓ ઈન્કમ ટેક્સના બંધનોથી છૂટી શકય ના હતા.

**ચલતી કા નામ ગાડી :** આ ફિલ્મ સત્યેન બોઝના નિર્દેશન અને અનુપશર્મા અને કિશોરકુમારના નિર્માણમાં, સચિન દેવ બર્મનના સંગીત, મજરૂહ સુલ્તાન પૂરીના ગીતો, જેમને કિશોરકુમાર, આશા ભોસલે , મન્નાડે, સુધા મલ્હોત્રાએ સ્વર આપેલ તે ફિલ્મમાં તમામ ગીતો સફળ રહ્યા હતા, ફિલ્મમાં અશોકકુમાર, કિશોરકુમાર, અનુપકુમાર, મધુબાલા, સાહિરા, વીણા, મોહન ચોટી, અસિત સેન, સજ્જન, હેલેન, કોયલ, એસએન બેનર્જી અને કે.એન. સિંગએ અભિનય આપેલ હતો. ફિલ્મની કથા ટૂંકમાં જોઈ તો, અશોક તેના બે નાના ભાઈઓ કિશોર અને અનુપ સાથે એક પરિવારમાં રહે છે, અને તેઓ એક ગેરેજ ચલાવે છે, તેમની પાસે એક વર્ષો જૂની કાર ફોર્ડ 'ચેમ્પિયન' છે. જેને તમામ ચાહે છે, પણ ત્રણે ભાઈઓ યુવતીથી દૂર ભાગે છે, મોટાભાઈ અશોકનું કહવું છે કે જીવનમાં સુખી થવું હોય તો યુવતીથી દૂર રહેવું, પણ કિશોરને એક રાત્રિએ તેના ગેરેજમાં કાર રીપેર કરાવવા આવેલ મધુબાલા પ્રત્યે આકર્ષણ થઈ જાય છે, મધુ પણ કિશોરને ચાહે છે, મધુની સહેલી શીલાથી અનુપ ખેચાણ અનુભવે છે, પણ બંને ભાઈઓ અશોકથી ડરે છે, અંતે અશોક તેમને કહે છે કે તે પણ એક ધનવાન યુવતી સાથે પ્રેમ કરતો હતો, પણ તેની લાગણીઓ સાથે રમી તે યુવતી બીજા સાથે લગ્ન કરી લે છે, તે પીડા તેના ભાઈઓને ના પડે તેથી તે યુવતીઓથી તેમને દૂર રાખે છે, પણ મધુબાલાને મળ્યા બાદ અશોકના વિચારો બદલી જાય છે, પણ મધુના લગ્ન તેના પિતા કે. એન. ના ભાઈ સજ્જન સાથે કરવા માંગે છે જ એક રાજકુમાર તરીકે ઓળખ આપે છે.

પણ કે. એન. અને સજ્જન ભાઈઓ નથી, અને કિશોર સજ્જનને એક ખૂન કરેલ લાશ સાથે જોઈ ગયેલ છે, તે વાત મધુને કહે છે, જયારે કે. એન. ને તેની સચ્ચાઈ ખૂલતી જોવા મળે છે ત્યારે તે કિશોર , મધુ અને તેના પિતાને કેદ કરી લે છે, ત્યાં અશોકની





પ્રેમિકા, વીણા તેમને મળે છે જેને દૌલતની લાલચમાં કે.એન.ને લગ્ન કરી, તેની દૌલત પચાવી પાડી તેને દસ વર્ષથી કેદ કરેલ છે, વીણાને ખ્યાલ આવે છે કે, કિશોર અશોકનો ભાઈ છે તો, જીવ જોખમમાં મૂકી તે ત્યાંથી ભાગી, અશોકને હકીકત કહે છે, અંતે અશોક, અનુપ અને કિશોર મળી કે.એન. અને સજ્જન સાથે લડાઈ લડી તેમને પોલીસના હવાલે કરે છે, અને ત્રણે ભાઈઓ અશોક, વીણા, અનુપ સાહિરા, અને કિશોર મધુ લગ્નગ્રંથિથી જોડાય છે.

ફિલ્મમાં સ્ત્રી સ્વતંત્રની વાત પણ કહેવામાં આવી છે, જેમકે મધુ એક અલ્લડ અને કાર ચલાવતી મોડર્ન યુવતી જે તે સમયે ઓછું જોવા મળતી, તેવી યુવતીની ભૂમિકામાં જોવા મળે છે, સાહિરા એક પેટ્રોલ પંપ ચલાવતી યુવતી અને વીણા જેના લગ્ન થઈ ચૂકયા છે છતાં અશોક તેને અપનાવી સમાજને સ્ત્રીઓ પ્રત્યેની માન સન્માનની ભાવનાઆને ફિલ્મમાં દર્શાવવામાં આવી છે.

આ ફિલ્મના શૂટિંગ દરમ્યાન કિશોરકુમાર અને મધુબાલા પ્રણયથી જોડાયા હતા, અને મહાબળેશ્વરમાં ગીત 'હાલ કેસા હૈ જનાબ કા..' ના ગીતના શૂટિંગ દરમ્યાન બંને નજીક આવ્યા હતા, જે તમોને આજેપણ આ ગીત જોવાથી બન્નેની અંગત લાગણીઓને સ્પર્શી શકાશે, જે એક સાચા પ્રેમીઓની લાગણીઓ વ્યકત કરે છે, તેવી અનુભૂતિ થશે. મધુ સાથેના પ્રણયથી કિશોર તેની પત્ની અને અમિતકુમારની માતા રૂમાં ગુહાને છોડવા તૈયાર થઈ ગયા હતા, અને ૧૯૬૦માં બન્ને લગ્નથી જોડાયા હતા. અશોકકુમાર આ લગ્નથી નારાઝ હતા, જે પૈકી ફિલ્મમાં પણ એક દ્રશ્ય તેઓ કિશોરને છોડી દે તેવું ફિલ્મવાયું છે, જે ફિલ્મની કહાનીના એક ભાગ પર આધારિત છે, પણ કદાચ તે સમયના તેમના વધતાં સંબંધો પર પણ અભિભૂત હોય શકે છે, તેટલો તાદશ અભિનય અશોક અને મધુબાલા એ કરેલ છે. આજે અને ૧૯૭૦ નો નાયક જે રીતે એક સાથે પાંચ, છ ગુંડાઓ સાથે લડાઈ કરતો જોવા મળે છે. તેવા દ્રશ્યો અશોકકુમારે આ ફિલ્મમાં આપ્યા છે. એ રીતે અશોકકુમારે જે ફિલ્મોમાં કામ કર્યુ છે તે માંથી પ્રેરણા લઈ આગળના નાયકો કામ કરતાં થયા હતા. એટલે જ તેમને અભિનયના દાદા મુનિ કેહવાય છે. આ ફિલ્મનું સંગીત એસ.ડી. એટલે કે 'દાદા' એ આપ્યું છે, અને તેમનો પુત્ર, રાહુલ દેવ અને જયદેવ આ ફિલ્મમાં સહાયક સંગીતકાર તરીકે કામ કરેલ છે, દાદાએ માત્ર રાહુલને નહીં પણ જયદેવને પણ સંગીતના પાઠો તૈયાર કરાવ્યા હતા, જેમાં તેમણે કોઈ ભેદભાવ રાખ્યો ના હતો, તેમણે રાહુલને કહ્યું હતું કે 'હિન્દી સિનેમામાં સંગીત કાર બનવા હું તારી કોઈ મદદ નહીં કરૂં' તારે તારા કામ પર જ આગળ આવવું પડશે, હા તને યોગ્ય રાહ જરૂર બતાવીશ' અને આથી જ હિન્દી સિનેમાને એક મહાન સંગીતકાર મળ્યા હતા. ફિલ્મના ગીતોમાં કિશોરકુમાર અને આશાજીના સ્વરમાં 'હાલ કેસા હૈ.., યે સિતારો કા તરાના.. પાંચ રૂપિયા બારહ આના.. મારેગા ભૈયા.. નાના.. તો મન્નાદે સાથે 'બાબુ સમજો ઈશારે... હોર્ન પુકારે.... અને સોલોમાં એક લડકી ભીગી ભાગી સી.. સોતી રાતો મે જાગી સી.. મિલી એક અજનબી સે.. કોઈ આગે ના પીછે.. તુમ હી કહો યે કોઈ બાત હૈ.. અને હમ થે વો થી.. ઔર સમા રંગીન સમજ ગયેના... ગીતોમાં કિશોરના મસ્તી ભર્યા અવાઝ અને યોડ્લીંની જમાવટ છે, આજેપણ આ ગીતો કર્ણપ્રિય અને યાદગાર ગીતોની શ્રેણીમાં સમાવિષ્ટ છે, આ ફિલ્મ ૧૯૫૮ની બીજા નંબરની ફિલ્મ રહી હતી, જે કિશોરકુમારની કારકિર્દીની સૌથી સફળ ફિલ્મ પૈકીની એક ગણાય છે. દિલિપની ફિલ્મ 'મધુમતી' પ્રદર્શિત થયા બાદ આ ફિલ્મ બીજા નંબરે આવી હતી, આજેપણ કોમેડી ફિલ્મોની શ્રેણીમાં આ ફિલ્મ સમાવિષ્ટ છે. આભાર.

---

## સંગમ આવો થાય તો...!




સંગમ એટલે ઘણી રીતે હોય. પરંતુ આ શબ્દ કાને પડતા મારા ધ્યાન પર આવી વાત એક એવા સંગમ સ્થળની કે જેની વાત આપણા શાસ્ત્રોમા પણ થઈ છે. એવો એક સંગમ એટલે, 'ત્રિવેણી સંગમ'. જેના વિશે આપણે સૌ જાણીએ છીએ. જયાં ત્રણ નદીઓનો સંગમ થાય છે એ જગ્યા એટલે આ ત્રિવેણી સંગમ. સંગમ એટલે એકબીજાને અને એકબીજામાં મળી જવું કે ભળી જવું એમ પણ કહી શકાય. આપણા શાસ્ત્રોમાં આ સ્થળને તીર્થ માનવામાં આવે છે ને આ સંગમ સ્થળે સ્નાન કરવાથી પાપમુકત થવાય છે અને પૂણ્ય પ્રાપ્તિ થાય છે. ખરેખર એ વાત સાચી પરંતુ એક વાત ચોક્કસ યાદ રાખવી જ રહી કે અજાણતા થયેલ પાપથી મુકિત મળે છે. જાણી જોઈને કરેલા અપરાધોનો તો હિસાબ થાય છે.

આવા સંગમ ક્ષેત્રમાં જઈએ ત્યારે મન નિર્મલ હોય તો જ એ સ્થાનની નિર્મલતા આપણને સ્પર્શે. બાકી બધુ ફાજલ છે. વળી જો આ ત્રણ 'સ'નો સંગમ આ માનવ મનમાં થઈ જાય તો એવા મનમંદિર જેવુ કોઈ તીર્થ નથી કે પછી બીજા કોઈ તીર્થ ના જવાય તો પણ અફસોસ નહી રહે. અને આવા ત્રણ 'સ' એટલે...

**૧) સદ્ગુણ :** આ સદ્ગુણ જો આપણા જીવનમાં સિંચાય તો જીવન સાર્થક થઈ જાય. ને સંસારને એની સુવાસથી મહેકાવી શકાય. પરંતુ આ સદ્ગુણ માત્ર અન્યને ઉપદેશ આપવા નહિ પણ સ્વયંના જીવનમાં અનુસરાય તો જ તેનુ મુલ્ય ગણાય.

**૨) સદ્વિચાર :** સદ્વિચાર એટલે માત્ર પોતાના જ નહી સમગ્ર સૃષ્ટિના હિત વિશેનો વિચાર. કોઈનું કદી અહિત ના થાય એવા વિચારને અપનાવી જીવન જીવવું એ સદ્વિચાર. કેમકે જેવું વિચારીએ એવું થાય એ સત્ય છે તો વિચાર સારા હશે તો જીવન પણ ઉન્નત થશે.

**૩) સદાચાર :** એટલે સારૂ આચરણ કરવું. આપણું આચરણ જ આપણા અસ્તિત્વ અને વ્યકિતત્વનો અરીસો છે. એટલે એ આચરણ ગમે તે પરિસ્થિતિમાં સદાચાર યુકત રહે તે ઘણુ કપરૂ છે. છતાં પ્રયત્નથી થઈ શકે.

આપણે સાધુ નહી સીધા બનીએ એજ પૂરતુ છે. સમાજને સુધારવા કરતા સ્વયંને સુધારી લઈએ. આટલું વિચારી જો જન જન ખરાઅર્થમાં સજ્જન થાય તો આ સંસાર આખો તીર્થ સમો થઈ જાય. આપણે વેશ કે વાઘા નહી પણ વિચાર, વર્તન ને વ્યવહાર બદલીશુ તોય આખુ જીવન બદલાઈ જશે અને જીવનમાં કોઈપણ રીતે સદ્ગુણનું સિંચન થાય જેના થકી સદ્વિચાર જન્મેને પછી એ આચરણમાં મુકાયને સદાચાર વર્તાય ત્યારે મનમંદિરમાં સ્નેહ, સંસ્કાર ને સદ્ભાવનાનો સંગમ થાય એટલે ઉર અયોધ્યા બને ને હૃદયે રામ વસે. તો આપણે સૌ આપણા જીવનમાં આ ત્રણ 'સ'ને સફળ સંગમ થાય એવા પ્રયત્ન તો કરીએ.

'સફળ હોય યા ના હો,
યે તો વકત કી બાત હૈ,
પર હમ કોશિશ હી ના કરે,
યે તો ગલ બાત હૈ.
આટલા 'સ'નો થાય જો સંગમ,
સંસારે સૌ બને જો સજજન,
સૃષ્ટિ આખી થશે સુવાસિત,
સૌંદર્યસભર બનીને ઉપવન.

---

## સમજણ એ જ નારાયણ

**''વૈકુંઠ જાઉં કયાંથી ?**
**કયાંથી છોડું વ્હાલું હું ?!**
**– ચિનુ મોદી 'ઈર્શાદ'**

બી.એ.પી.એસ. સંસ્થા અમરેલી દ્વારા આયોજિત 'ગ્રીષ્મ પારાયણ' ૨૦૨૩ સત્સંગ સત્ર અન્વયે પૂ. કૃષ્ણપ્રિય સ્વામીજીનાં વચનામૃત કથામૃતનો બીજી વખત લાભ – લ્હાવો લેવાનો દિવ્ય અવસર સાંપડયો... ખરેખર ધન્ય ધન્ય થઈ જવાયું.

તો સાથે જ સંગીતવૃંદે પણ અલૌકિક અવસરને દીપાવી દીધો. આપણું ગૌરવ એવા બાંસુરીવાદક મિત્ર સંજીવભાઈ ધારૈયાને સાંભળવા, માણવા એ સૌ કોઈ માટે આહલાદક અનુભવ બની રહેલ છે !!

અગાઉનાં સત્સંગ વખતે જ પૂ. કૃષ્ણપ્રિય સ્વામીનાં પરિચયથી જાણેલું કે




બાલ્યાવસ્થાથી પોતે ગાયનમાં રૂચિ હોવાથી, પ્રાથમિક શાળાનાં અભ્યાસકાળથી તેઓશ્રી ભજન ગાતા હોય છે. સત્સંગી પરિવારમાં જન્મ અને ધૂન-કિર્તનનો શોખ.

એવામાં શાળામાં એક દિવસે દિવ્ય સંત પૂ. પ્રમુખસ્વામી મહારાજની મંગળ પધરામણી થાય છે. તેમના સ્વાગત પ્રસંગે ધૂન રજૂ કરી રહેલા આ બાળક ઉપર પ્રમુખ સ્વામી મહારાજની દિવ્ય દ્રષ્ટિ પડે છે. સ્વામીજી તેમની પાસે આવીને પૂછે છે કે, 'સગપણ કરવું છે ?!'

બાળક અવઢવમાં મૂકાઈ જતાં કહે છે કે, 'હજુ મારી ઉંમર નથી.' સ્વામીજી કહે કે, 'હું હરિ સાથેનાં સગપણની વાત કરું છું. ઘરે પૂછી જોજે, હું મળવા આવીશ.'

સત્સંગી માતા-પિતા સઘળા સાર સમજી જાય છે અને એ જ ક્ષણે પૂ. પ્રમુખ સ્વામી મહારાજને આ બાળક સોંપી દે છે. જે દીક્ષા ગ્રહણ કર્યા પછી કૃષ્ણપ્રિય સ્વામી તરીકે ઓળખાય છે.

પૂ. પ્રમુખ સ્વામી મહારાજ આ બાળક(પછીથી કૃષ્ણપ્રિય સ્વામી)નાં ગળા ઉપર હાથ ફેરવીને આશીર્વાદ આપે છે કે, ''આ ગળું જ તારી ઓળખ, સાચી ધર્મની સેવાનું માધ્યમ બનશે.'' અને આ અધ્યાત્મ યાત્રા શરૂ થાય છે.

આજની તારીખે પણ પૂ. કૃષ્ણપ્રિય સ્વામીને સાંભળવા, તેઓશ્રીનાં ધર્મ, આધ્યાત્મિકતા, સત્સંગ અને ગાયન-ચિંતનની દિવ્યતાનો લાભ મળવો એ જીવનનો અણમોલ, અલૌકિક લ્હાવો જ ગણાય.

અને આ સમગ્ર વૃતાંત પાછળ એક સાચા સંતની પારખું નજર અને સાથોસાથ માતા-પિતાનો, પરિવારજનોનો, બી.એ.પી.એસ. સંસ્થાનો કલ્યાણકારી કરૂણાભાવ જ કારણભૂત બની રહ્યો છે. જેથી સમાજને આવા દિવ્ય સંતની ભેટ મળી છે.

**: આચમન :**

**'હે પ્રભુ ! હું શૂન્ય છું તારા વગર... અને... અનંત છું તારા સંગાથમાં !!'**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)

**ભાગ–૨૦**

અસ્વસ્થ જીવનશૈલીના પ્રથમ ચરણના અંતીમ ભાગમાં આપણે ડાયાબીટીઝને બરાબર સમજવાનો પ્રયત્ન કર્યો છે, કારણ ડાયાબીટીઝને આયુર્વેદમાં યાપ્ય રોગોની શ્રેણીમાં વર્ણવ્યો છે (યાપ્ય એટલે રોગ ઝડમૂળથી મટી નો જાય પણ જયાં સુધી એ રોગને અનુકૂળ પરેજી અને દવા લઈએ એ તમારા કંટ્રોલમાં રહે) (CONTRABLE DESEASE) છે, હવે જે રોગ તમારી સાથે જીવનભર રહેવાનો છે એને આપણે બરાબર જો સમજી લઈએ તો આપણને એ રોગનો સામનો કરવાની ખબર પડે, આ માટે આપણે છેલ્લા ૨૦ સપ્તાહથી ડાયાબીટીઝને વિગતવાર સમજયા છીએ.

**ડાયાબીટીસમાં કસરતનું મહત્વ :**

ડાયાબીટીસને થતો અટકાવવા માટે અને એકવાર થઈ ગયા પછી કાબુમાં રાખવા માટે કસરત ખુબ જ જરૂરી છે. મહર્ષી સુશ્રુતે લખ્યુ છે કે મધુપ્રમેહના દર્દીએ વનમાં ખોવાયેલી ગાયોને શોધવા જવું જોઈએ.


યોગ્ય માત્રામાં કસરત કરવાથી પેટની આસપાસની ચરબી ઘટે છે. પેટની આસપાસની ચરબી ઘટવાથી ઈન્સ્યુલીનની અસરકારકતા વધે છે. આ ઉપરાંત કસરત કરવાને લીધે શરીરમાં સ્નાયુઓનો જથ્થો વધે છે કસરતને લીધે સ્નાયુની અંદરના ૨બ પ્રકારના તાંતણાનું ૨ફ પ્રકારના તાંતણામાં રૂપાંતર થાય છે, જેની ઉપર ઈન્સ્યુલીનની વધુ અસર થઈ શકે છે. કસરતને કારણે સ્નાયુઓ પર ઈન્સ્યુલીનને પારખવા માટે જરૂરી રીસેપ્ટર્સમાં પણ વધારો થાય છે. આ ઉપરાંત સ્નાયુઓને મળતા રકતપ્રવાહમાં અને સ્નાયુઓમાં રહેલ રકતવાહિનીના કુલ જથ્થામાં કસરતથી લાંબે ગાળે વધારો થાય છે. જેને લીધે લોહીમાં ગ્લુકોઝનું નિયંત્રણ વધુ સારી રીતે થઈ શકે છે. કસરતને કારણે હદય અને ફેફસાની કાર્યક્ષમતા પણ સુધરે છે. હૃદય–ફેફસાની કાર્યક્ષમતા વધે એ ડાયાબીટીસના દર્દીમાં ખુબ જઢરી છે. ડાયાબીટીસના ઘણા બધા દર્દીઓ હદય પર થતાં નુકશાનને લીધે મૃત્યુ પામતા હોય છે. જો નિયમીત કસરત કરીને હદયને મજબુત રાખવામાં આવે તો તે નુકશાન થવાની શકયતા ઘટી જાય છે.

**ડાયાબીટીસના દર્દીએ કેવી અને કેટલી કસરત કરવી :**

કોઈપણ કસરત શરૂ કરતા પહેલા એ વાત નક્કી કરી લો કે કસરત તમારે નિયમીત કરવાની જ છે એટલે આજે બે કલાક કરીને પછી બે દિવસ સુધી નહી કરી તો તમને કોઈ ફાયદો નહી થાય. અઠવાડીયામાં ઓછામાં ઓછા પાંચ દિવસ કસરત કરવી ખુબ જરૂરી છે. ડાયાબીટીસ એ લાઈફ સ્ટાઈલ ડીસીઝ છે એટલે તમારી રોજ જીવાતી દિનચર્યા સાથે આ રોગ જોડાય ગયો છે તેનો અર્થ એ છે કે આજ સુધી આપણે જે રીતે જીવ્યા તેમાં ફેરફાર કરશો તો જ ડાયાબીટીસને કંટ્રોલમાં કરી શકશો, આજ સુધી આપણે કસરત કરી જ નથી અથવા કરી છે તો નિયમીત રીતે નથી અપનાવી. તો આજથી કસરતને જીવનનો ભાગ બનાવવો પડશે . કસરત પરાણે નહી પરંતુ તમને આનંદદાયક બને તે રીતે રોજ કરવાની છે તો અને તો જ ફાયદો થશે. કારણ જયારે કસરત કરવામાં તમને મજા આવવા લાગશે એટલે શરીરમાંથી એન્ડોરફીલ(મુડ એલીવેટર હોર્મોન)નું પ્રમાણ વધારશે. કસરત કરવાનો તમને કંટાળો નો આવે અને શરીર તથા મન ને પુરો ફાયદો થાય તેના માટે આપણે નીચે મુજબ કસરતનું શીડયુલ બનાવીશુ જે તમને ખુબ ઉપયોગી થશે.

**સોમવાર થી શુક્રવાર રોજ દોઢ કલાક**

– કસરત શરૂ કરતા પહેલા ૫–૧૦ મિનિટની સ્નાયુઓ અને સાંધાઓને



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

હળવું ખેંચાણ આપતી વોર્મઅપ કસરત કરી લેવી'

– પાણી, લીંબુ સરબત કે ગ્લુકોઝના પાણી સાથે રાખવું અને વચ્ચે–વચ્ચે પીતા રહેવુ

– નેપકીન સાથે રાખવું , પરસેવો થાય તેને લુછતો રહેવો

– રોજ પાંચ કિ.મી.(૧ કલાક ) નિયમીત ચાલવાનું રાખો, શકય હોય તો સવારે ખાલી પેટે ચાલો, જો તમે નોકરી–ધંધાને લીધે સવારે ટાઈમ નો આપી શકતા હો તો સાંજે કે રાત્રે જમીને પણ ચાલી શકાય, ખાલી પેટ હોય ત્યારે ઝડપથી ચાલી શકાય, જમ્યા બાદ ધીમે ચાલવું. હાઈપરટેન્શન કે હદયની બીજી કોઈ તકલીફ હોય તો ધીમે ચાલવુ. જે લોકો ને વજન ઘટાડવાની જરૂર છે તેવા ડાયાબીટીસના દર્દીએ પાંચ કી.મી.ની ઝડપે ચાલવુ(૫ કી.મી. ઝડપે ચાલતા ૨૬૭ કેલરી/કલાક બળે છે).

**યોગાસન :** (રોજ ૧૦ મીનીટ) યોગાસનથી ઈન્સ્યુલીન ઉત્પન્ન કરતા કોષોને કાર્યરત કરી, શર્કરાનું પાચન કરવામાં મદદરૂપ થાય છે. ડાયાબીટીસના દર્દીમાં સાંધા જકડાઈ જવાની અને આળસની ખુબ ફરીયાદ રહે છે, યોગાસન નિયમીત કરવાથી શરીર લચીલું અને સ્ફુર્તીલું બને છે ડાયાબીટીસના દર્દીએ અર્ધમત્સ્યેન્દ્રાસન, પશ્ચીમોતાસન, સર્પાસન, ધનુરાસન, પવન મુકતાસન, ત્રિકોણાસન, મંડુકાસન અને નેકાસન આ આઠ આસનો નિયમીત કરવા ખુબ જરૂરી છે .

**પ્રાણાયામ :**(રોજ ૧૦ મીનીટ) ડાયાબીટીસના દર્દીઓ માટે પ્રાણાયામ ખુબ ઉપયોગી છે, ખાસ કરીને કપાલભાતી પ્રાણાયામ નિયમીત કરવાથી સ્વાદુપીંડની કાર્યક્ષમતા વધે છે અને તેને લીધે ઈન્સ્યુલીનની અસરકારકતા વધતા ખુબ ફાયદો થાય છે. આ ઉપરાંત અનુલોમ–વિલોમ પ્રાણાયામ પણ ખુબ ઉપયોગી છે, જે ડાયાબીટીસના દર્દીને વજન ઘટાડવાની જરૂર છે તેવા દર્દીઓ માટે સુર્યભેદી પ્રાણાયામ ખુબ જરૂરી છે.

**ધ્યાન :** (રોજ ૧૦ મીનીટ) ડાયાબીટીસ થવાનુ એક મુખ્ય કારણ તાણ અને અતીવિચાર છે આ તાણ અને અતી વિચાર ઓછા કરવા અને શરીરમાં સારા હોર્મોન (એન્ડોરફીલ)નું પ્રમાણ વધારવા નિયમીત ધ્યાન કરવાની જરૂર છે. અમેરીકા અને યુરોપના દેશોમાં ધ્યાન અને પ્રાર્થનાથી લાઈફ સ્ટાઈલ રોગ ઉપર નિયંત્રણ કરવાના કિલનિકો ચાલે છે.

**શનીવાર અને રવીવાર માટે**

વિકેન્ડના આ બે દીવસોમાં રીલેક્ષ મૂડમાં પરીવાર–મિત્રો સાથે ટાઈમ વિતાવો અને શકય હોય તો કુદરતી વાતાવરણ વાળી જગ્યાએ જાવ જયા સાયકલીંગ(૧૦ થી ૧૫ કિ.મી.), સુર્યનમસ્કાર અને રમત–ગમત, બેડમિંટન, ટેબલ ટેનીસ, ક્રિકેટ, વોલીબોલ અને ફુટબોલ જેવી વિવિધ રમતો ૧ થી ૨ કલાક રમવી અને આખા અઠવાડીયાનો થાક ઉતારવા, શરીર અને મનને રીલેક્ષ કરવા માથા સહીત આખા શરીરે તલ તેલનું માલીશ કરવું. મર્મબિંદુ: ''હોય કસરતી જન, શરીર તેનું તસતસતું,


સદા ખુશીમાં મન, વદન પણ દીસે હસતું.

આવતા સપ્તાહથી આવો જ એક બીજો રોગ જે આપણી અસ્વસ્થ જીવનશૈલીથી થાય છે એ હાઈપર ટેન્શન (હાઈબ્લડ પ્રેશર)ને વિગતવાર સમજીશું.

---

# ગુરૂ પત્નિહિં મુનિતિયન્હ સમેતા, મિલિ સપ્રેમ કહિ જાય ન જેતા !

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

૧૯૩૦ ની હનુમાન જયંતિ બાદ થોડા સમય પછી ભગવાને બે વર્ષનું સાદુ મૌન ચાલુ કરી દીધેલ તેથી લખીને જ વાતચીત કરતા. દિવાળીનાં દિવસે મંગલપ્રભાતે સમુહમાં બે મહિનાં બાદ ભગવાન ગુરૂમંદિર બહાર પધાર્યા ત્યારે દુરથી દર્શનનો લાભ મળ્યો. તે ઉપરાંત મનમાં એક જ હતું કે બને તેટલું વધારે રામનામ લેવું, બીજા અર્થમાં નામથી પ્રેમ હતો. તેટલો નામીથી નહી, વળી અમુક નામ લખીને અર્પણ કરવાની ઈચ્છા હતી તે પણ ઘણાં બાકી હતા. શાંતિ અને એકાંતપ્રિય સ્વભાવ હોવાથી ગૃહસ્થ બહેનોની ખોટી પંચાતોથી દુર ભાગતી. મોટા ભાગે ભગવાન પાસે લોહાણા, જ્ઞાતિનો પરિવાર વધારે છે. ભગવાન પણ કયારેક વિનોદમાં કહેતા, ''મૈ તો લોહાણા કા ગોર હૂં''

મારો નિયમ પુરો કરવા એકાંત શોધતી. નવા વર્ષનાં દિવસે સવારે આગાસીમાં જતી હતી ત્યારે ખબર ન હતી કે ભગવાન સાથે રી જમનાદાસભાઈ પટેલને જોઈ ડરી ગઈ કે ભગવાન નારાજ થશે તો ? પરંતુ બીજી જ ક્ષણે ભગવાને ઈશારાથી શ્રી જમનાદાસભાઈને નિચે જવા કહયું મને મંદ હાસ્ય સાથે રૂમમાં બોલાવી બેસવા કહયું. ભગવાને લખીને પુછયું, 'પઢાઈ કૈસી ચલતી હે ?'' જવાબ આપ્યો, ઠીક ચલતી હે ?'' ''જી નહીં'' સાંભળી લખી આપ્યુ, ''તો છોડ દો.'' આટલું લખી સડસડાટ સીડી ઉતરી ગયા. મેં નીચે જઈ ખુશ થતાં બાને જણાવ્યું કે ભગવાને ભણવાનું છોડી દેવાની રજા આપી છે. બાએ નારાજગી દર્શાવતા બાપુજીની સંમતિ લેવા માટે કહયું ત્યારે મેં કહયું, ''બાપુજી હંમેશા કહે છે. ભગવાન કહે તેમ કરવાનું ''.

ભાઈબીજનાં દિવસે ઈંદોરથી ભગવાન સાથે અજમેર જવા નીકળ્યા. બા અને નાનોભાઈ જયપુર ગયા. હું ભગવાન સાથે અજમેર ઉતરી ગઈ કારણ બીજા દિવસે કારતક સુદ ચોથ ભગવાનનો પ્રાગટય દિન હોવાથી જયપુરથી ફરી પાછા બધા આવવાનાં હતા. સવારે અજમેરથી પુષ્કર પહોંચ્યા. તે જ દિવસે ત્રીજની રાત્રે જયપુરથી બાપુજી બધા સાથે આવ્યા. હર્ષથી ભણવાનું છોડી દીધાનું બાપુજીને કહેતાં નારાજગીથી ઉગ્ર સ્વરે બોલ્યા, હજી મને તો ભગવાન સાથે વાત કરવા દે. બીજે દિવસે પ્રાગટય દિનનાં ઉત્સવમાં ભીડને કારણે સમય મળવો મુશ્કેલ હતો.

ગુરૂ પિતુ માતુ વચન અનુસારી, ખલદ લદલન દેવહિતકારી !

પાંચમનાં દિવસે જયપુર જવાની બાપુજીએ રજા માંગતા ભગવાને લખીને પુંછયું, 'રમાકા કયા પ્રોગ્રામ હે ? પ્રભુ પ્રેરણાથી બાપુજીએ કહયું, આપ કહો તેમ, ભગવાને જણાવ્યું, 'ભલે ઉસકો યહાં મેરે પાસ રહના હો તો ઈશાવાસ્ય ઉપનિષદ સીખના પડેગા.'' બાપુજીએ કહયું ભલે. અભ્યાસ બાબત આ સિવાય બીજી કોઈ ચર્ચા ન થઈ. ભગવાનની કૃપાથી અભ્યાસ સાથે મોજશોખ આપોઆપ છુટી ગયા.

જબ સબ વિષય વિલાસ વિરાગા, તબ રઘુનાથ ચરણ, અનરાગા, તવ પ્રસાદ મમ મોહ નશાના, રામ રહસ્ય અનુપમ જાના.

આ બે વર્ષનાં સાદા મૌન સમય દરમ્યાન ભગવાન દરેક જગ્યાએ લગભગ બે મહિના મુકામ કરતા હતા. આ વખતે બે મહિના પુષ્કર મુકામ હોવાથી હું પણ બે મહિના ત્યાં જ રહી. શ્રી ઓધવજીબાપા પાસે થોડા બહેનો સાથે ''ઈશાવાસ્ય ઉપનિષદ'' કંઠસ્થ કર્યુ. આમ તો મારો વધુ સમય રામનાથ લેખનમાં જ પસાર કરતી. બીજા બહેનોને સ્વાધ્યાય કરતાં જોઈ જોઈએ મેં પણ સ્વાધ્યાય કરવાનું કરવાનું ચાલુ કર્યુ. તેમાં પ્રાંતઃ સ્મરણ, રામાષ્ટક, શ્રીરામ સ્તવરાજ, રામરક્ષા, ગીતાજીનો ૧૨મો, ૧૫મો અધ્યાય, ઈશાવાસ્ય ઉપનિષદ, પુરૂષસૂકત અને માનસજીની પાંચ સ્તુતિઓ રોજ નિયમિત કરતી. શ્રી હનુમાન બાહુકનો પાઠ, શ્રીહનુમાન ચાલીસા, શ્રી હનુમાન



અષ્ટક શનિવારે અને મંગળવારે કરતી.

આ સમય દરમ્યાન એક વખત બાપુજીનાં બોલાવવાથી બાની તબિયત નરમ હોવાથી થોડા દિવસ જયપુર જઈ આવેલી. ભગવત દર્શન તો રોજ સવારે થોડા સમય માટે દુરથી થતાં. કયારેક કોઈ કારણસર ભગવાન જેને બોલાવે તે જ ભગવાન પાસે જતા. આમ આનંદમાં દિવસો પસાર થતાં હતા.

કછુક દિવસ બીતે યહિ ભાંતી....

ગુરૂ અનુરાગ ભરતપર દ્રેવી, રામ હૃદય આનંદ વિરોધી !

(૧૪) મૈ પ્રભુ કૃપા રીતે જિય જોઈ

ત્રીજી, ડિસેમ્બર ૧૯૬૦નાં શુભ દિવસે ભગવાને મને બોલાવી. મૌન હોવાથી લખીને પુછયુ, ''આજ તુમ્હે આંતરિક દીક્ષા દે દૂં ?'' મે પુછયું, ''આંતરિક દીક્ષા એટલે શું ? તેમા શું કરવાનું હોય ?'' કહયું, ''કુછ નહી ભજન બઢાના'' તે વખતે મારો નિત્ય નિયમ પુરો થતાં લગભગ આઠેક કલાકનો સમય લાગતો હોવાથી મેં ના કહી. હમણાં નહીં મને વધારે સમય મળતો નથી. તો કહયું, 'અચ્છા બૈઠો''.

ભગવાન પુષ્કર રામકુટિનાં રસોડામાં ઓટલા પર બિરાજતા હતા, હું ભગવાન પાસે નીચે બેસી ગઈ. શું કરતાં હતાં તે મને ખબર નથી પરંતુ લગભગ–૧૫–૨૦ મિનિટ મારી સામે જમણા હાથથી આશીર્વાદની મુદ્રા કરી એકીટશે તીવ્ર દ્રષ્ટિથી જોતા હતા. તે વખતે દ્રષ્ટિ દ્વારા શકિતપાન કરવાની ક્રિયા વિગેરે કંઈ પણ હું જાણતી ન હતી. આ વિધિ પુરી થતાં ઉભા થયા. હું પણ તરત જ ઉભી થઈ. ભગવાને જમણાં હાથમાં પાણી લીધું. મારી સામે મંદ મંદ હસ્યા. તેમનાં કહયા વિના જ ખબર નથી. કેમ પણ મેં મારો જમણો હાથ જળ લેવા લંબાવ્યો. ભગવાને પોતાનાં હાથનું જળ મારી સામે જોતાં જોતાં હથેળીમાં ઉપરથી આપ્યું અને ધીરે ધીરે પોતાની મધ્ય આંગળીનાં ટેરવાથી મારી હથેળીમાં સ્પર્શ કર્યો. તે દિવ્ય સ્પર્શથી આખા શરીરમાં જાણે અલૌકિક શકિત વ્યાપી ગઈ. આ આનંદનું વર્ણન શબ્દોમાં અશકય છે જેમ,

ગુંગા કેરી શર્કરા ખાઈ ઔર મુસકાઈ.

કો કૃપાલ રઘુવીર સમ.....

ત્યાર બાદ પ્રણામ કરતાં લખીને આપ્યુ, ''આજ તુમ્હારી આંતરિક દીક્ષા હો ગઈ.''

આ બધા લેખિત શબ્દો મારી પાસે નથી કારણ ભગવાન તેમની પાસેનાં કાગળમાં જ લખી મને વંચાવતા. રાઘવેન્દ્ર યુગલ સરકાર શ્રી સીતારામજી (ચિત્રકુટ) ગિરા અર્થે જલ બીચિ સમ, કહિયત ભિન્ન ન ભિન્ન !

વંદૌં સીતા રામ પદ, જિનહિં પરમ પ્રિય ખિન્ન !! **(ક્રમશઃ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)**
**સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી**
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



---

# વિદ્યાર્થીઓએ વેકેશનનો સદ્‌ઉપયોગ કઈ રીતે કરી શકાય

સામાન્ય રીતે અભ્યાસ કરતાં દરેક યુવાધન તે પછી પહેલા ધોરણમાં અભ્યાસ કરતો હોય કે કોલેજમાં અભ્યાસ કરતો હોય, તે તમામ વેકેશન પડે તેની રાહ જોતાં હોય છે. વેકેશન એટલે મામાને ઘરે જવાનો મોકો મળે,ગમે ત્યાં રખડવાનો આનંદ મળે, નદીએ કે તળાવ કે કૂવામાં નહાવાની મોજ મળે, વાડી ખેતરમાં પાર્ટી કે મોજ મસ્તી કરી શકાય, આખો દિવસ આરામ મળે,સવારે ગમે ત્યાં સુધી સૂઈ શકાય,કોઈ ઉઠાડવા વાળુંના મળે, કોઈ વળી અલગ – અલગ રમત રમે જેને જે રમતમાં રસ હોય તે રમે, કોઈના માતા પિતાજી આર્થિક સધ્ધર હોય અને હરવા ફરવાના શોખીન હોય અને રજા મળી જાય તો પાંચ – પંદર દિવસનો પ્રવાસમાં પણ જાય, કહેવાનો મતલબ એટલો જ છે કે વેકેશનમાં દરેક યુવાધન સૌ સૌની રીતે મોજ – મસ્તી અને આનંદ માણે.

દરેક યુવાધનના મગજમાં વડીલોએ એવું જ ઠસવી દીધેલ છે કે વેકેશનમાં પુસ્તક – ચોપડી અડાંય જ નહીં, તેના સિવાય બધુ જ કરી સકાય. વેકેશનમાં મોજ – મસ્તી – આનંદ કરો પણ સાથોસાથ તેની એક એક મિનિટનો સદઉપયોગ કરતાં પણ આપનાં યુવાધનને શીખવાડવું પડસે, આ એકવીસમી સદીનો જમાનો છે, દર મિનિટે મીનેટે દુનિયામાં કઈને કઈ આવિષ્કાર થાય છે આપણે તેમાં કયાય પાછળ રહી જતાં નથી ને તે પણ વિચરવું પડસે. વેકેશનનો સદ ઉપયોગ માટેની થોડી ઘણી માહિતી આપવા પ્રયત્ન કરૂં છુ તો આપણાં યુવાધન તે માહિતિનો સદ ઉપયોગ વેકેશનના સમયમાં કરશે તેવી આશા છે.

(૧) વેકેશનના કોઈપણ એક દિવસને પસંદ કરી તે દિવસે આપણે ૨૦ મહાપુરૂષોના નામ લખવાની શરૂઆત કરીએ.
(૨) સનાતન ધર્મના ૨૦ સંતો – ભગતના નામ લખીએ.
(૩) સનાતન ધર્મના ૨૦ ભગવાનના નામ લખીએ.
(૪) સનાતન ધર્મના ૨૦ માતાજીના નામ લખીએ.
(૫) ભારતના ૨૦ પ્રાચીન ઋષિ – મુનીઓના નામ લખીએ.
(૬) ભારતના ૨૦ પ્રાચીન ખગોળ શાસ્ત્રીઓના નામ લખીએ.
(૭) ભારતના ૨૦ પ્રાચીન વૈગ્નાનિકોના નામ લખીએ.
(૮) ભારતના સનાતન ધર્મના કોઈપણ ૨૦ ધર્મ ગ્રંથના નામ લખીએ.
(૯) ભારતની સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધેલ ૨૦ ક્રાંતિકારીઓના નામ લખીએ.
(૧૦) ભારતની સ્વતંત્રતા આંદોલનમાં પ્રાણ ન્યોચ્છાવર કરનાર ૨૦ શહીદોના નામ લખીએ.
(૧૧) ભારતની ૨૦ મોટી નદીઓના નામ લખીએ.
(૧૨) ભારતનાં ૨૦ મોટા પર્વતોના નામ લખીએ.
(૧૩) ભારતનાં કોઈપણ ૨૦ રાજયોના નામ લખીએ.
(૧૪) ભારતનાં કોઈપણ ૨૦ રાજયોના પાટનગરનાં નામ લખીએ.
(૧૫) કોઈપણ ૨૦ ઓટોમોબાઈલ વાહન બનાવતી કંપનીના નામ લખીએ.
(૧૬) કોઈપણ ૨૦ ઓટોમોબાઈલ વાહન બનાવતી કંપનીના લોગો દોરવાનું રાખીએ.
(૧૭) ભારતની કોઈપણ ૨૦ નદીઓ પર બાંધવામાં આવેલ બંધનાં નામ લખી એ.
(૧૮) કોઈપણ ૨૦ અનાજના નામ લખીએ.
(૧૯) કોઈપણ ૨૦ શાકભાજીનાં નામ લખીએ.
(૨૦) ભારતની કોઈપણ ૨૦ મીઠાઈઓના નામ લખીએ.
(૨૧) દુનિયાના કોઈપણ ૨૦ દેશના નામ લખીએ.
(૨૨) દુનિયાના કોઈપણ ૨૦ દેશની રાજધાનીના / કેપિટલના નામ લખીએ.
(૨૩) દુનિયાની કોઈપણ ૧૦ સામુદ્ર ધુનીનાં નામ લખીએ.
(૨૪) દુનિયાની કોઈપણ ૧૦ ભૂશિરનાં નામ લખીએ.
(૨૫) દુનિયાનાં કોઈપણ ૧૫ દરિયા / સમુદ્ર / મહાસાગર / ઉપસાગરનાં નામ લખીએ.
(૨૬) દુનિયાનાં કોઈપણ ૨૦ પ્રખ્યાત ફૂલોના નામ લખીએ.
(૨૭) સનાતન ધર્મની માન્યતા પ્રમાણે કોઈપણ ૨૦ માતાજીના વાહનના નામ લખીએ.
(૨૮) ભગવાન શિવજીના બાર જયોતિર્લીંગનાં નામ લખીએ.
(૩૦) ભારતમાં માનવામાં આવતા કોઈપણ ૧૦ ધર્મ સંપ્રદાયનાં નામ લખીએ.
(૩૧) ભારતની આજાદી માટે લડનાર કોઈપણ ૧૦ મહિલા ક્રાંતિ વીરાંગનાંનામ લખીએ.
(૩૨) ૧૨ રાશિઓનાં નામ લખીએ.
(૩૩) ૧૨ ગ્રહના નામ લખીએ.
(૩૪) ભારતના કોઈપણ ૩ પ્રાચીન ગણિતશાસ્ત્રીઓના નામ લખીએ.
(૩૫) કોઈપણ ૨૦ ધાતુઓનાં નામ લખીએ.
(૩૬) ભારતના કોઈપણ ૧૦ પ્રાચીન ગ્રંથનાનામ અને તેના રચયિતા / લેખકના નામ લખીએ.
(૩૭) દુનિયામાં અલગ અલગ દિવસોની ઉજવણી કરવામાં આવે છે દા.ત.– દર વરસે પર્યાવરણ ડે પાચમી જૂનના રોજ ઉજવવામાં આવે છે તે મુજબ કોઈપણ ૨૦ દિવસો કયાં કારણસર ઉજવવામાં આવે છે તે ૨૦ દિવસોના નામ લખીએ.
(૩૮) ભારતની કોઈપણ ૨૦ હેરિટેજ(સરક્ષિત)સાઈટના નામ લખીએ.
(૩૯) દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતા કોઈપણ ૨૦ દેશનાં નામ લખીએ.
(૪૦) દુનિયાના કોઈપણ ૨૦ દેશના નામ અને તેની કરન્સીના નામ લખીએ.
(૪૧) દુનિયાના કોઈપણ ૨૦ મોટા શહેરના નામ અને તેની વસ્તીની સંખ્યા અને તેના દેશના નામ લખીએ.
(૪૨) ભારતની કોઈપણ ૨૦ બેન્કનાં નામ લખીએ.
(૪૩) દુનિયાની કોઈપણ ૨૦ બેન્કનાં નામ (ભારત સિવાયની) લખીએ.
(૪૪) દુનિયાના કોઈપણ ૨૦ પક્ષીઓનાં નામ લખીએ.
(૪૫) દુનિયાના કોઈપણ ૧૫ હિંસક અને માંસાહારી પ્રાણીઓના નામ લખીએ.
(૪૬) ભારતના કોઈપણ ૨૫ રાષ્ટ્રીય ઉધ્યાન અથવા રાષ્ટ્રીય અભ્યારણના નામ અને શેના માટે તે ખ્યાતિ પામેલ છે તેની વિગત લખીએ.
(૪૭) દુનિયાની કોઈપણ ૨૦ રમતોના નામ લખીએ.
(૪૮) દુનિયાના કોઈપણ ૨૦ વિગ્નાનિકોના નામ અને તેણે કરેલ શોધના નામ લખીએ.
(૪૯) હિમાલયના કોઈપણ ૧૫ શિખરના નામ લખીએ.
(૫૦) દુનિયાના કોઈપણ ૧૫ દેશના નામ અને તેની રાષ્ટ્રીય રમતનું નામ લખીએ.
(૫૧) દુનિયાના કોઈપણ ૧૫ દેશના નામ અને તેના રાષ્ટ્રીય પ્રાણીના નામ લખીએ.
(૫૨) કોઈપણ ૨૫ આયુર્વેદિક દવા / ઔષધીઓના નામ લખીએ.
(૫૩) હિન્દુ ધર્મના કોઈપણ ૨૦ પવિત્ર યાત્રા ધામ અને તે શેના માટે પ્રખ્યાત છે તે મુજબના નામ લખીએ.
(૫૪) શરીરના રોગના સ્પેશિયાલિસ્ટ એલોપેથીના ૧૫ ડોકટરી નામ લખીએ, દા.ત.કેન્સર માટેના સ્પેશિયાલિસ્ટ એલોપેથીના ડોકટરને ઓંકીયોલોજિસ્ટ કહેવાય તે મુજબ.
(૫૫) મહાભારતના યુધ્ધમાં પ્રત્યક્ષ ભાગ લેનાર કોઈપણ ૨૦ યોધ્ધાના નામ લખીએ.
(૫૬) ભારતના કોઈપણ ૨૦ રાજયના નામ અને તે રાજયમાં કઈ ખેત પેદાશ સૌથી વધારે થાય છે, તે મુજબના નામ લખીએ.
(૫૭) દુનિયાના કોઈપણ ૧૫ મોટા રણના નામ અને તે કયાં આવેલ છે તેનું સ્થળનું નામ લખીએ.
(૫૮) દુનિયાની ૨૦ મોટી નદીઓના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૫૯) દુનિયાના ૨૦ મોટા ટાપુઓના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૬૦) દુનિયાના ૧૦ મોટા જવાળામુખીઓના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૬૧) ભારતના ૨૦ મોટા જળ ધોધના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૬૨) દુનિયાના ૨૦ મોટા જળ ધોધના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૬૩) ભારતના ૨૦ મોટા મીઠા પાણીના તળાવ અથવા સરોવરના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૬૪) ભારતના ૧૫ મુખ્ય 'પાસ' ના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ. દા.ત.– રોહતંગ પાસ તે મુજબ.
(૬૫) દુનિયાની ૧૦ મુખ્ય ખાડી (અંગ્રેજીમાં તેને ગલ્ફ કહેવાય છે) ઓના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૬૬) ભારતમાં "ISRO" એટલે કે ઈંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈજેશનના ૧૦ કેન્દ્રના નામ અને તે કયાં આવેલ છે તે સ્થળનું નામ લખીએ.
(૬૭) ભારતે છોડેલ કોઈપણ ૨૦ ઉપગ્રહના નામ લખીએ.
(૬૮) ભારતમાં અલગ અલગ પ્રકારના શંશોધન કેન્દ્રો આવેલ છે તે પૈકી કોઈપણ ૧૫ શંશોધન કેન્દ્રના નામ – સ્થળની વિગત અને તે સ્થળે કઈ બાબતના શંશોધન કરવામાં આવે છે તેની વિગત લખીએ.
(૬૯) ભારતના કોઈપણ ૧૦ રાષ્ટ્રપતિ નામ લખીએ.
(૭૦) ભારતના કોઈપણ ૧૦ ઉપરાષ્ટ્રપતિ નામ લખીએ.
(૭૧) ભારતના કોઈપણ ૧૦ વડાપ્રધાનના નામ લખીએ.
(૭૨) ભારતના કોઈપણ ૧૦ મોટા કિલ્લાઓના નામ લખીએ.
(૭૩) ગુજરાતના કોઈપણ ૨૦ અલગ અલગ નૃત્યના નામ લખીએ.
(૭૪) ગુજરાતનાં જુનાગઢ, ભરૂચ, સુરત, મહુડી, તળાજા, ઉના, થરાદ, ઈડર, ગિરનારના પ્રાચીન નામલખીએ.
(૭૫) ગુજરાતની કોઈપણ ૧૦ ગુફાઓના નામ લખીએ.

દરેક વાલીઓ, વડીલો, માતાઓ અને બહેનોને પણ વિનંતી છે કે વેકેશનના સમય દરમ્યાન પોતાના યુવાધનને ધર્મ – વિગ્નાન – દુનિયાદારીનું સિક્ષણ – ગૃહકાર્ય – સફાઈ – ગીતા– મહાભારત – રામાયણ અને સંસ્કારિતાનું તથા પરિવાર ભાવનાનું સિક્ષણ મળે તે બાબતની ઘરમાં ચર્ચા થાય, દિવસમાં એક વખત ઘરના તમામ સભ્ય સાથે બેસીને ઘરમાં જ ભોજન કરે, ઘરે બનાવેલ નાસ્તા – ભોજન જ ખાય, દરરોજ બહારના પડીકાનો નાસ્તો ના ખાય, આજના યુવાધન તમામ પ્રકારના શાક – દાળ – સંભારા – અથાણાં – ફરસાણ અને દરેક પ્રકારની મીઠાઈ પણ ખાય તે પણ સુનિશ્ચિત કરવું જોઈએ, કોઈપણ બાબતમાં 'ન' આવે જ નહીં અને જીવનમાં 'ન'નો ત્યાગ કરવા માટેની ટ્રેનીંગ – શિબિર છે.

ટૂંકમાં વેકેશનએ એક પ્રકારનો કેમ્પ કે શિબિર કે એક જાતના વર્ગ તરીકે ઉજવણી કરવી જોઈએ, દીકરા – દીકરીઓને માટે સાંસારિક સમજદારી – સંસ્કારિતા – શીખવા સમજવા માટેનો શ્રેષ્ઠ સમય છે, તેનો દરેક યુવાધન ઉપયોગ કરે તેવું આહ્વાન છે.

:: **લેખ લખનાર** ::
**એચ. પી. ખોરાસિયા**
**પૂર્વ એંજિનિયરશ્રી, અમરેલી નગર પાલિકા, અમરેલી.**
**મો.૦૭૯૯૦૫ ૯૯૦૯૭**
**મો.૯૪૨૮૫ ૬૦૮૪૯**

---

# ''માહિતીનાં તો 'ખટારા' ઠલવાય છે પણ અમલવારી કયારે ???

ફલાણી એપ્લીકેશન ડાઉનલોડ કરી અને તમે તમારા ખેતી વિષયક પ્રશ્નોમાંથી રસ્તો કાઢો. આજે ચારે બાજુ માહિતીનાં ડુંગરો ખડકાયા છે. શું તમારે સફળ થવું છે ? તમે અસાધ્ય રોગથી પિડિત છો, અમારૂં આ બેસ્ટ સેલર પુસ્તક વાંચો અને જીવનમાં નવો પ્રકાશ પાથરો એક માનસિકતા આજે ઘર કરી ગઈ છે તે છે 'શોર્ટ કર્ટ' રાતમાં ગમે તે વ્યવસાયમાં સફળ થઈ જવું છે. સવાર પડતા જ અરીસામાં જોઈને આત્મબળ વધારી લેવું છે.

આજે મોબાઈલમાં 'મોં' માંગી સલાહ મળી જાય છે. ગુગલ દાદા(ગુરૂ)ને પૂછો એટલે તેમનું સર્ચ એન્જીન એટલું પાવરફુલ કે તમને સેંકડો માહિતીનો ઢગલો કરી દે લઈ લો 'બાપાલીયા' અહીં તો સાહેબ માંગો તે માહિતી મળે ફુલેલ રોટલી કેમ બનાવવાથી લઈ તમે જાતે ડોકટર બની જાવ તેવી દવાની યાદી કંઈ દવા કયાં વપરાય તેનાં ફાયદા ગેરફાયદા કાયદા બાબતે પણ તમને(દર્શક) મોબાઈલ ધારકને એક કિલક કરતાં જ માહિતી મળી જાય 'હાજર જવાબી' જેને આપણે જેમ જયારે ઉપયોગ કરવો હોય તેમ કરી શકીએ. આજે ઘરે ઘરે સલાહકાર, માર્ગદર્શક બનવા લાગ્યા છે.

ન્યૂઝ પેપર, ટી.વી.નું સ્થાન આજે મોબાઈલે લઈ લીધું છે. શું તમે ધંધાની શોધમાં છો ? શું તમને પત્નિ ત્રાસ આપે છે. શું તમારા સાંધા દુઃખે છે. શું તમે ડિપ્રેશનમાં છો. આવા તો સેંકડો હજારો વિષય પર માર્ગદર્શન મોબાઈલની સ્કિન પર આપતા 'ગુરૂઓ' રાત દિવસ બરાડા પાડે છે. સહુ પોતાની રીતે અર્થઘટન કરે છે.

સ્વયંમ મેડિકલ સ્ટોરમાંથી ટીકડાં ખાનારો દર્શકોને દેશી ઔષધી બાબતે સલાહ કરનારો વર્ગ પણ છે. ક્ષણ માટે વ્યકિતને એવો પાવરફુલ બનાવવાની વાતો થાય કે તે આજે જ સફળતાના પગથિયા 'ચડી' ને 'પહાડ'ની ટોચ પર બિરાજમાન થઈ જશે ! એવી તો પ્રેરક વાતો ઉદાહરણો સાથે કહે કે યુવા વર્ગ આ બધું સાંભળી 'હથેળીમાં ચાંદ જોવા લાગે' આયુર્વેદને ચરણે જનાર અનેક દવાખાનાના પગથિયા ઘસી નાખ્યા બાદ આયુર્વેદને અપનાવવાનો છેલ્લો પ્રયત્ન કરે છે અને આશા રાખે છે કે મારૂ આ દર્દ જલ્દી કેમ મટતું નથી. અરે મારા સાહેબ તમારા શરીરમાં કેટલાય મેડિકલના ટીકડાં તેનો દુઃપ્રભાવ છે તેને હવે પહોંચી વળાઈ તેમ નથી. અધુરું જ્ઞાન કયારેય ઉપયોગી નથી હોતું. વાયરલ 'વાવડ'નાં ફાયદા અને ગેરફાયદા પણ હોય છે. સોશ્યલ મિડિયામાં વાયરલ થયેલ માહિતી કોઈવાર કોઈ સંસ્થા વ્યકિત માટે ખૂબ મોટું ભંડોળ ભેગું કરી આપે છે. તેમ કોઈ બાળક બે વરસ પહેલા ખોવાયું હોય તેનો મેસેજ આજે પણ સતત ફરે ત્યારે અગવડતા ઉભી થતી હોય છે. માહિતી : ખેતી, વ્યવસાય, શિક્ષણ, આરોગ્ય, રોડ, રસ્તા, પશુપાલન કોઈપણ માહિતી હોય પણ તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ સતતનું મનન સ્વયંમની વિવેક બુધ્ધિ અને અમલવારી થાય તો જ માહિતી વ્યકિત માટે ઉપયોગી સાબિત થાય.

**– હરેશ બોરસાણિયા**

# અમરેલી : નવા ખીજડિયા ખાતે નવનિર્મિત પાણીની ટાંકીનું લોકાર્પણ કરતાં કૌશિકભાઈ વેકરિયા






અમરેલી જિલ્લાનાં ગામડાઓનાં વિકાસની વેગીલી યાત્રા ચાલુ થઈ હોય એમ એક પછી એક વિકાસનાં કામોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણનાં કામો થઈ રહ્યાં છે. વિસ્તારને કૌશિક વેકરિયા જેવું યુવાન પ્રતિનિધિત્વ મળતા વિકાસને વેગ મળ્યાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જેના ભાગરૂપે નવા ખીજડિયા ખાતે ''નલ સે જલ'' યોજનામાં વાસ્મો પ્રોજેક્ટ હેઠળ તૈયાર થયેલ નવનિર્મિત પાણીની ટાંકીનું લોકાર્પણ જાગૃત ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ દિલીપભાઈ સાવલિયા, જિલ્લા પંચાયતનાં ન્યાય સમિતિનાં ચેરમેન મુકેશભાઈ બગડા, અમરેલી તાલુકા પંચાયત કારોબારી ચેરમેન નિકુલભાઈ માંડણકા, જિલ્લા પંચાયતનાં દંડક પ્રવીણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, તાલુકા પંચાયત સદસ્ય પ્રવીણભાઈ ચાવડા, કિશોરભાઈ કાનપરીયા, ચાંદગઢ સરપંચ જસુભાઈ ખુમાણ, ફતેપુર સરપંચ જગદીશભાઈ પરમાર વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## સા.કુંડલાનાં ગાધડકા ગામે ૭૦ સાધુ સાધ્વીજી મહારાજનો ભવ્ય પ્રવેશ

સાવરકુંડલા, તા. ૨૦

પ્રસિદ્ધ પ્રવચનકાર ઐતિહાસિક ૭૭ દીક્ષા પ્રદાતા પૂજય આચાર્ય ભગવંત શ્રી વિજય શ્રેયાંન્સ પ્રભુ સૂરીરજી મહારાજા મધુર પ્રવચનકાર શ્રી વિજય હર્ષદર્શન સૂરીરજી મહારાજા તાર્કિક પ્રવચનકારશ્રી વિજય ધર્મ દર્શન સૂરીરજી મહારાજા આદિ ૭૦ સાધુ સાધ્વીજી મહારાજનો આજે ગાધકડા નગરે ભવ્ય પ્રવેશ. આજે વિજપડીથી વિહાર કરી ગાધકડા પહોંચતા ધામી પરિવારે શણગારેલ ગાડા–ઘોડા નાની બેનો હાંડી શ્રીફળ લઈને સાહેબજીનું સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે ધામી પરિવારના મોભી રમેશભાઈ તેમનો પરિવાર તેમજ સમસ્ત ગાધકડાના ભાઈ–બહેનો ખાસ ઉપસ્થિત રહેલ સાહેબજીનો ભવ્ય પ્રવેશ કરવામાં આવેલ.



પાના ૮ ઉપરનું ચાલું **ઉધાર માવો આપવાની ના પાડતા**

ભનુભાઈ મારૂ ઉધાર માવો લેવા આવતા વેપારી યુવકે ઉધાર માવો આપવાની ના પાડતા લાકડી વડે માર મારી વેપારીની આંગળીમાં ફેકચર કરી દીધાની અન્ય ત્રણ આરોપીએ પણ લાકડી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામાપક્ષે આજ બનાવમાં કાનજીભાઈ મારૂએ પણ સામાવાળા સુરેશભાઈ સહિત ૩ સામે જ્ઞાતિ પ્રત્યે અપમાન કર્યાની, લાકડી વડે મારી મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષનું**

સામનો કરવો પડી રહ્યો હોય જિલ્લાનાં કોંગી આગેવાનો અને કાર્યકરોમાં જે યુવા હતા તે વૃધ્ધ થઈ ગયા અને વૃધ્ધ હતા તે સાવ નિષ્ક્રીય થઈ ગયા છતાં રાજયમાં સત્તા મળતી ન હોવાથી કોંગ્રેસમાં નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે.

લોકસભાની ચૂંટણીને લઈને ભાજપ ઉપરાંત આમ આદમી પાર્ટીએ પણ તૈયારી શરૂ કરી છે. નવી–સવી પાર્ટી "આપ" ધ્વારા ગઈકાલે જિલ્લાનાં હોદેદારોની વરણી કરવામાં આવી છે પરંતુ કોંગ્રેસ પક્ષનું જિલ્લાથી લઈને ગ્રામ્ય કક્ષાનું સંગઠન સાવ નિષ્ક્રીય હાલતમાં જોવા મળી રહ્યું છે.

જો કે લોકસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસ પક્ષનાં આગેવાનોને સફળતા મળશે નહી તેવું ચિત્ર ઉપસ્થિત થતું હોવાથી કોઈ આગેવાની લેવા તૈયાર થતું નથી તે હકીકત છે.


પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી–વાપી રૂટની**

મુસાફરોનું ટ્રાફિક પણ ખૂબ જ મોટા પ્રમાણમાં રહેતું હતું અને એસ.ટી.ને આ બસ દ્વારા આવક પણ મોટા પ્રમાણમાં રહેતી હતી. ત્યારે કોઈપણ વ્યાજબી કારણ વગર આ રૂટની એકમાત્ર બસ બંધ કરી દેવાતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ વાપી જવા માટે અમરેલી એસ.ટી. ડેપોમાંથી એક પણ ડાયરેકટ બસ છે નહીં. ત્યારે અમરેલી–વાપી–વલસાડ ડેપોની આ બસ બંધ થતાં મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહેલ છે. અમરેલી જિલ્લાના મુસાફરો દ્વારા અમરેલી–વાપી રૂટની બસ ફરી શરૂ કરવા માંગણી ઉઠેલ છે. વલસાડ ડેપોની આ બસ કયા કારણોસર બંધ કરવામાં આવેલ છે તે બાબતે એસ.ટી. વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. ત્યારે એસ.ટી.ને આવકમાં વધારો કરતી આ બસ અમરેલી ડેપો દ્વારા શરૂ કરવામાં આવે તેવી પણ મુસાફરો દ્વારા માંગણી ઉઠેલ છે. આ તકે અમરેલી ડેપો કંટ્રોલર આ બાબતે અવગત થઈ એસ.ટી.ને આર્થિક ફાયદો અપાવી આ રૂટની બસ અમરેલી ડેપો દ્વારા શરૂ કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠેલ છે.

### આકાશમાં મિથુન રાશિમાં પશ્ચિમ ક્ષિતિજે જોવા મળશે

## મંગળવારે આકાશમાં ચંદ્ર શુક્રની યુતિ નજીકતાનાં દર્શન

### રાત્રીનાં ૮ કલાક મિનિટે ૨ અંશે જોવા મળશે




અમદાવાદ, તા. ૨૦

આકાશમાં સમયાંતરે ખગોળીય ઘટના બને છે. શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સુર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. આકાશમાં મિથુન રાશિમાં ૨ અંશ ડિગ્રીએ પશ્ચિમ ક્ષિતિજે મંગળવાર તા.૨૩ મીએ રાત્રિનાં ૮ કલાક ૫૧ મિનિટે ચંદ્ર– શુક્રની યુતિ નજીકતા, કલોઝ એન્કાઉન્ટરનાં દર્શનનો અદ્‌ભૂત અવકાશી નજારો નિહાળવા ભારતજન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાનાં રાજય ચેરમેન – એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે મંગળવાર રાત્રિનાં ૮ કલાક ૫૧ મિનિટે પશ્ચિમ ક્ષિતિજે બે અંશે ચંદ્ર, શુક્રની બંને મિથુન રાશિમાં નજીકતાના દર્શનનો અદ્‌ભૂત નજારો જોવા મળશે. એકબીજાને મળવા આતુર હોય તેવા નજારો નરી આંખે, દુરબીન કે ટેલીસ્કોપથી જોઈ શકાશે. આ અવસરનો લાભ લેવાનું ચૂકશો નહિ. ઘરની અગાસી કે નિર્જન જગ્યાએથી આહલાદ જોઈ શકાશે. ખગોળીય ઘટના જોવા માણવા માટે હોય છે. જાથાનું દેશવ્યાપી અભિયાનમાં લોકો અવકાશ તરફ નજર કરતા થાય તે દેશભરમાં આયોજન કરવામાં આવે છે.

વધુમાં જયંત પંડયા માહિતી આપતા જણાવે છે કે પૃથ્વીનો કુદરતી ઉપગ્રહ ચંદ્ર પડોશી કે મિત્રતાની વ્યાખ્યામાં આવે છે. ચંદ્રની ગુરૂત્વાકર્ષણને લીધે સમુદ્રમાં ચડતી – ભરતી એક જાતની બ્રેકનું કાર્ય બજાવે છે. પૃથ્વીનાં પરિભ્રમણને તે સતત ધીમુ પાડે છે. માટે ચંદ્ર દુર ખસતો જાય છે. સદીઓ પહેલા ચંદ્ર ફકત ૧૫,૦૦૦ કિલોમીટર દૂર હતો ત્યારે પૃથ્વી માત્ર ૪.૮ કાલાકમાં એક ચકરાવો પુરો કરતી હતી. આજે તે ૨૪ કલાકનો સમય લે છે અને ચંદ્ર ૩,૮૪,૪૦૦ કિલોમીટર છેટે જતો રહયો છે. સદીઓ પછી પૃથ્વીનો પરિભ્રમણનો એક ચકરાવો પુરો કરવા માટે ૪૭ કલાક લેવાનો છે. જેથી દિવસ બમણો લાંબો બનશે. ચંદ્રને પૃથ્વીની પ્રદક્ષિણા કરતા ૨૭.૩ દિવસ લાગે છે. જયારે આકાશમાં શુક્ર એકબીજાને નજીકથી જોવાનો મળવાનો છે. શુક્ર ગ્રહ ધોળે કે બપોરનાં સમયે પણ આકાશમાં જોવા મળે છે. કદની અને દ્રવ્યની રીતે જોતા શુક્ર આપણી પૃથ્વીનાં જોડકા ગ્રહ જેવો છે. સુર્ય ફરતે પ્રદક્ષિણા કરતા શુક્રને ૨૨૪.૭ દિવસ લાગે છે. પૃથ્વીનાં ૨૪૩ દિવસો બરાબર શુક્રનો ફકત ૧ દિવસ ગ્રહ હોવા છતાં શુક્રને ચળકાટ–તેજસ્વીતાનાં કારણે અમુક તારો સમજે છે. આકાશમાં શુક્રની તેજસ્વીતાના કારણે આફ્રિન થઈ જવાય છે. નરી આંખે જોવો ગમે છે.

જાથાનાં પંડયા જણાવે છે કે આગામી મંગળવારે રાત્રિનાં ૮ કલાક ૫૧ મિનિટથી ચંદ્ર–શુક્રની નજીકતા કલોઝ એન્કાઉન્ટની અવસ્થામાં નિહાળવા યાદીમાં જણાવાયું છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી શહેરમાં આવેલ ભયજનક**

જર્જરિત ભાગ હટાવવાની તમામ જવાબદારી મકાન, ઈમારત માલિક, કબ્જેદાર, હિત ધરાવતા વ્યકિતની રહેશે જેની ગંભીર નોંધ લેવી. ભયજનક / જર્જરિત મકાનોમાં કોઈએ પ્રવેશ કરવો નહી, વસાવાટ કે અન્ય કોઈ ઉપયોગ પણ કરવો નહીં અને અવર–જવર પણ કરવી નહી. આજુબાજુનાં મકાન ઉપયોગ કર્તાઓએ સાવચેતીનાં ભાગરૂપે પુરતી કાળજી લેવાની રહેશે. ભયજનક /જર્જરિત મકાન બાબતે અગાઉ અનેક વખત અમરેલી નગરપાલિકાએ નોટીસો આપેલ છે. ભયજનક/જર્જરિત બાબતે અપાયેલ નોટીસ અન્વયે જવાબદાર વ્યકિતઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી. સંબંધિત હિપત ધરાવનાર દરેક તાત્કાલિક કાર્યવાહી કરે તેમ ચીફ ઓફસર, અમરેલી નગરપાલિકા દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું
**ડેડકડી ગામે પાણી માટે**

તેમ કહી બન્ને મહિલા સરપંચને ગાળો આપવા લાગેલ. બાદમાં અજાણ્યા ૧ શખ્સે પોતાની પાસે રહેલ છરી કાઢી અને મહિલા સરપંચને બતાવી તારા પતિને બોલાવ તેમ કહી રાજીનામું આપી દેવા માટે થઈ સરપંચ, તેણીનાં પતિ તથા સાસુને ગાળો આપી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાઈ છે.

### અવસાન નોંધ

**અમરેલી** : ગારિયાધાર નિવાસી ભાવેશભાઈ વલ્લભભાઈ જોબનપુત્રાના ધર્મપત્ની હેતલબેન (ઉવ ૪૧) તે યતિશના માતુશ્રી સુનિલભાઈ, ચિરાગભાઈ, સંદીપભાઈના બેન તેમજ બિપીનભાઈના સુપુત્રીનું તા.૧૯/૫ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૨/૫ ને સોમવારના રોજ સાંજના ૪ થી ૬ સંઘવી ધર્મશાળા સ્ટેશન રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

### જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : હીરાબેન દીતાભાઈ શિયાળ ફો.પ.અ.નં.–૬૬/૨૦૨૩
રહે. શિયાળબેટ, તા. જાફરાબાદ, જી. અમરેલી. મુદત તા.૦૯/૦૬/૨૦૨૩

::– વિરૂધ્ધ –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, શિયાળબેટ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : મહેશભાઈ જે. બારૈયા**

::– જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમની **પુત્રી રોશનબેન દીતાભાઈ શિયાળ**નાઓનો **જન્મ તા. ૦૬/૦૬/૨૦૧૬** ના રોજ મોજે ગામ : **શિયાળબેટ**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની **પુત્રીની જન્મ અંગેની નોંધ** કરાવવા હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૦૯/૦૬/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૬મી, માહે મે, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | સિકકો | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (આર.એચ. વાજા) આસીસ્ટન્ટ | | (કે.એમ. ગોસ્વામી) આસીસ્ટન્ટ | (બી.વી. પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૩૫ |
| ૨ | મગફળી | ૧૨૭૫ | ૧૩૨૫ |
| ૩ | તલ સફેદ | ૨૩૯૦ | ૨૬૯૦ |
| ૪ | ઘઉં | ૪૦૭ | ૪૫૩ |
| ૫ | ચણા | ૮૯૫ | ૯૦૫ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૯૭ | ૧૩૮૪ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૪૧૦ |
| ૩ | શિંગદાણા | ૧૭૨૬ | ૧૮૮૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૨૪ | ૧૭૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૮૦ | ૩૧૫૧ |
| ૬ | તલ કાળા | ૧૯૦૦ | ૨૯૨૪ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૬૬ | ૩૦૦૦ |
| ૮ | બાજરો | ૩૬૩ | ૪૦૯ |
| ૯ | જુવાર | ૪૬૬ | ૯૩૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૫૯૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૫ | ૪૬૮ |
| ૧૨ | મગ | ૧૩૧૨ | ૧૭૧૯ |
| ૧૩ | ચણા | ૭૬૦ | ૯૭૭ |
| ૧૪ | ચણા દેશી | ૬૬૫ | ૯૭૬ |
| ૧૫ | તુવેર | ૮૧૫ | ૧૬૭૩ |
| ૧૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૯ |
| ૧૭ | એરંડા | ૯૨૫ | ૧૧૪૦ |
| ૧૮ | જીરૂ | ૨૦૩૦ | ૮૩૭૨ |
| ૧૯ | રાય | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૨૦ | ગમ ગુવાર | ૯૬૦ | ૯૬૦ |
| ૨૧ | ધાણા | ૮૦૫ | ૧૨૫૨ |
| ૨૨ | ધાણી | ૯૫૦ | ૧૨૪૦ |
| ૨૩ | મેથી | ૯૬૦ | ૧૧૪૦ |
| ૨૪ | સોયાબીન | ૮૦૦ | ૯૪૫ |
| ૨૫ | સુવાદાણા | ૨૪૦૫ | ૨૪૫૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૨ |
| ૨ | ચણા | ૯૧૧ | ૯૧૨ |
| ૩ | જુવાર | ૭૬૧ | ૭૬૧ |
| ૪ | ઘઉં | ૫૪૫ | ૫૮૦ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૪૩૭ |
| ૬ | ધાણા | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ૭ | તલ | ૨૪૫૧ | ૨૬૩૦ |
| ૮ | એરંડા | ૧૦૬૫ | ૧૦૮૦ |
| ૯ | મેથી | ૧૦૬૫ | ૧૦૬૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૨૪૧ | ૧૫૫૭ |
| ૨ | શીંગ જીણી | ૧૧૭૫ | ૧૪૦૧ |
| ૩ | શીંગ મોટી | ૧૦૭૩ | ૧૪૫૧ |
| ૪ | તલ પીળીયા | ૨૮૦૦ | ૨૯૫૧ |
| ૫ | તલ સફેદ | ૨૫૫૧ | ૨૭૪૧ |
| ૬ | તલ કાળા | ૨૬૫૧ | ૨૮૦૦ |
| ૭ | જીરૂ | ૮૦૦૦ | ૮૮૦૦ |
| ૮ | કપાસ | ૧૩૫૧ | ૧૪૮૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૪૬૫ |
| ૧૨ | જુવાર | ૪૫૦ | ૮૫૦ |
| ૧૩ | મગ | ૧૫૫૧ | ૧૭૭૬ |
| ૧૪ | અડદ | – | ૧૭૩૬ |
| ૧૫ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૭૬ |
| ૧૬ | ચણા | ૮૮૦ | ૯૬૮ |
| ૧૭ | તુવેર | ૧૩૭૫ | ૧૬૮૦ |
| ૧૮ | એરંડી | ૧૦૫૦ | ૧૧૩૦ |
| ૧૯ | મેથી | ૯૦૦ | ૧૦૮૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૨૧ | સોયાબીન | ૮૭૧ | ૯૩૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૫ | ૧૪૫૧ |
| ૨ | મયફળી | ૧૦૯૫ | ૧૨૮૧ |
| ૩ | ઘઉં | ૪૧૭ | ૪૫૦ |
| ૪ | ચણા | ૬૩૦ | ૯૦૫ |
| ૫ | ધાણા | ૯૫૦ | ૯૭૫ |
| ૬ | મગ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૭ | તલ સફેદ | ૨૫૭૦ | ૨૬૪૫ |
| ૮ | સોયાબીન | ૯૩૬ | ૯૩૬ |
| ૯ | છોલે ચણા | ૧૩૯૬ | ૧૩૯૬ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૫ |
| ૨ | ધાણા | ૯૮૮ | ૧૧૬૫ |
| ૩ | ચણા | ૬૩૨ | ૮૮૮ |
| ૪ | ઘઉં લોકવન | ૩૭૦ | ૪૪૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૪૩૬ |
| ૬ | તુવેર | ૧૧૬૫ | ૧૫૧૭ |
| ૭ | સોયાબીન | ૯૩૦ | ૯૫૫ |
| ૮ | શીંગ ફાડા | ૧૨૪૦ | ૧૭૪૫ |
| ૯ | મગફળી | ૧૨૪૦ | ૧૨૮૫ |
| ૧૦ | સફેદ તલ | ૨૪૨૫ | ૨૬૨૬ |
| ૧૧ | લસણ | ૧૫૦ | ૨૭૨ |
| ૧૨ | કાળા તલ | ૨૫૨૫ | ૨૫૨૫ |
| ૧૩ | એરંડા | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૧૪ | જુવાર | ૬૦૪ | ૬૦૪ |
| ૧૫ | મગ | ૧૫૯૫ | ૧૭૦૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૦૦ | ૪૮૧ |
| ૨ | જુવાર | ૪૫૧ | ૧૦૩૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૬૪૦ |
| ૪ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૫ | મગ | ૧૬૦૦ | ૧૬૧૧ |
| ૬ | અડદ | ૧૪૭૫ | ૧૬૭૨ |
| ૭ | ધાણા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૮ | ચણા | ૮૫૧ | ૯૨૬ |
| ૯ | સોયાબીન | ૯૨૫ | ૯૫૧ |
| ૧૦ | શીંગ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૦૦ |
| ૧૨ | તલ કાળા | ૨૭૫૦ | ૨૭૫૦ |
| ૧૩ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |

### કેન્દ્રના વટહુકમ પર ઘમાસાણ

# કેન્દ્ર સરકારનો વટહુકમ સુપ્રીમના આદેશની અવમાનના: દિલ્હી સરકાર

## વટહુકમનો અર્થ એ છે કે દિલ્હીની ચૂંટાયેલી વ્યક્તિને જનતાની તરફેણમાં નિર્ણયનો અધિકાર ન હોવો જોઈએ

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હી સરકારે કેન્દ્ર સરકારના વટહુકમને સીધો જ સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણાવ્યો છે. દિલ્હી સરકારના કહેવા પ્રમાણે, સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કહ્યું હતું કે ચૂંટાયેલી સરકાર સર્વોચ્ચ છે. ચૂંટાયેલી સરકાર પાસે તમામ સત્તા છે. આ વટહુકમ સુપ્રીમ કોર્ટના આદેશો વિરુદ્ધ અને કેજરીવાલ સરકારની સત્તા ઘટાડવા માટે લાવવામાં આવ્યો છે.

દિલ્હી સરકાર દ્વારા મોડી રાતે જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટ એ વાત પર સહમત છે કે જો જનતાએ કેજરીવાલને મત આપ્યો છે તો કેજરીવાલને તમામ નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ. પરંતુ કેન્દ્ર સરકાર આ વટહુકમ દ્વારા કહી રહી છે કે દિલ્હીની જનતા દ્વારા ચૂંટાયેલી વ્યકિતને દિલ્હીની જનતાની તરફેણમાં નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનનાની સાથે તે દિલ્હીની જનતાના જનાદેશનું પણ અપમાન કરે છે.

બીજી તરફ આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેબિનેટ મંત્રી આતિશીએ કહ્યું કે આ વટહુકમથી સાબિત થઈ ગયું છે કે ભાજપ અને કેન્દ્ર સરકાર માત્ર અરવિંદ કેજરીવાલથી ડરે છે. ભાજપને ડર છે કે જો તમામ સત્તા કેજરીવાલના હાથમાં આવી જશે તો કેજરીવાલ મોડલને દેશભરમાં ફેલાતા રોકવું અશક્ય છે. આતિષીએ કેન્દ્રના આ પગલાને વિશ્વાસઘાત ગણાવ્યો છે.

મહત્વપૂર્ણ છે કે, કેન્દ્ર સરકારે શુક્રવારે દિલ્હી સરકારના અધિકારો પર એક વટહુકમ બહાર પાડ્યો છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કેન્દ્રએ વટહુકમ બહાર પાડ્યો હતો. વટહુકમ અનુસાર, દિલ્હીમાં અધિકારીઓની બદલી-પોસ્ટિંગ પર માત્ર મુખ્યમંત્રીનો અધિકાર નથી, પરંતુ અંતિમ નિર્ણય લેફટનન્ટ ગવર્નરનો હશે. વટહુકમ અનુસાર રાજધાનીમાં અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ માટે એક ઓથોરિટી બનાવવામાં આવી છે. તેમાં મુખ્યમંત્રી કેજરીવાલ, દિલ્હીના મુખ્ય સચિવ અને મુખ્ય ગૃહ સચિવ હશે. જો અધિકારીઓના ટ્રાન્સફર અને પોસ્ટિંગમાં કોઈ વિવાદ હશે તો અંતિમ નિર્ણય દિલ્હીના લેફટનન્ટ ગવર્નરનો જ સ્વીકારવામાં આવશે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્ર દ્વારા લાવવામાં આવેલા વટહુકમ અંગે ગઈ કાલે સાંજે જ આશંકા વ્યક્ત કરી હતી.

તેમણે ટ્વિટ કરીને લખ્યું, એલજી સાહેબ સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કેમ નથી કરી રહ્યા? સેવા સચિવની ફાઈલ પર બે દિવસથી સહી કેમ નથી થઈ? એવું કહેવામાં આવી રહ્યું છે કે કેન્દ્ર આવતા અઠવાડિયે વટહુકમ લાવીને સુપ્રીમ કોર્ટના આદેશને ઉલટાવી દેશે? શું કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટના આદેશને ઉલટાવવાનું કાવતરું કરી રહી છે? શું એલજી સાહેબ વટહુકમની રાહ જોઈ રહ્યા છે, એટલે જ ફાઈલ પર સહી નથી કરી રહ્યા?

### ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો

# ગુજરાતમાં કોરોના વાયરસના વધુ ૧૧ કેસ નોંધાયા

## કોરોના રિકવરી રેટ ૯૯.૧૩ ટકા થયો છે, તેમજ કોરોનાથી ૧૭ દર્દી સાજા થયા


અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૨૦ મેના રોજ કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૩૦ની અંદર આવી છે. એક્ટિવ કેસની સંખ્યા ૧૧૦એ પહોંચી છે. જેમાં અમદાવાદમાં ૬, રાજકોટમાં ૨, ગીર સોમનાથમાં ૧, મહેસાણામાં ૧, સુરતમાં ૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૩ ટકા થયો છે. તેમજ કોરોનાથી આજે ૧૭ દર્દી સાજા થયા છે.

જો કે WHO એ હજુ સુધી આ રોગચાળાના અંતની જાહેરાત કરી નથી, પરંતુ તેણે સ્વીકાર્યું છે કે હવે કોવિડને કારણે કોઈ કટોકટીની સ્થિતિ નથી. એટલે કે, આ રોગ રહેશે, પરંતુ તેના કારણે મૃત્યુનો કોઈ ભય નથી. એટલે કે, હવે કોવિડને આંતરરાષ્ટ્રીય સ્તરે તે જ જોખમ નથી, જે પહેલા હતું, જોકે હજી પણ વાયરસને લઈને સાવધ રહેવાની જરૂર છે.

જાન્યુઆરી ૨૦૨૦ માં, WHO એ કોરોનાને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી. તે દરમિયાન તમામ દેશોને આ રોગથી બચવા અને તેના સંક્રમણને રોકવા માટે કહેવામાં આવ્યું હતું. WHOમાં સામેલ તમામ ૧૯૬ દેશોએ કોવિડથી બચવાના માર્ગદર્શિકાનું પાલન કરવું પડ્યું હતું. જો કે, હવે તેને વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી તરીકે સમાપ્ત માનવામાં આવે છે.આ દરમ્યાન છેલ્લા ત્રણ વર્ષથી કોરોના સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે. આ ખતરનાક ચેપને કારણે કરોડો લોકોના મોત પણ થયા છે. કોવિડ ૧૯ ના વિવિધ પ્રકારોને કારણે, આ ચેપ ખૂબ જ ખતરનાક બની ગયો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક ખતરો અને રોગચાળો જાહેર કર્યો હતો. હવે આ રોગચાળાને લઈને એક રાહતના સમાચાર છે. WHOએ કોરોનાને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીની યાદીમાંથી હટાવી દીધો છે. સરળ શબ્દોમાં કહીએ તો, કોરોના રોગ હવે વૈશ્વિક કટોકટી નથી.

# લીલીયાનાં ઢાંગલા ગામના આંગણે મોમાઈ માતાજીનાં મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે



લીલીયા, તા. ૨૦

લીલીયા તાલુકાના ઢાંગલા ગામે બિરાજતા ખુમાણ પરિવારના કુળ દેવી શ્રી મોમાઈ માતાજીના નૂતન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાશે. તારીખ ૨૨/૫ ૨૦૨૩ સોમવાર થી તા ૨૪/૫/૨૦૨૩ સુધી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ધામ પૂર્વક ઉજવણી થશે. જેમાં તારીખ ૨૨/૫/૨૦૨૩ સોમવારના રોજ હેમાદ્રી પ્રાયચીત. પૂંજા, જળયાત્રા, નગરયાત્રા, પુણ્યાવાંચન, મંડપપ્રવેશ, ગૃહ હોમ જલાધિવાસ તારીખ ૨૩/૫/૨૦૨૩ મંગળવારના રોજ નવચંડીયજ્ઞ, સ્નાયન વિધિ, દેવતાપુંજન, અન્નધીવાસ, ફલાધિવાસ, દ્રવ્યાધિવાસ, ફુલાધિવાસ, શૈંયાધિવાસ, તેમજ તારીખ ૨૪/૫/૨૦૨૩ને બુધવારના રોજ શિખંડમીંડું, પ્રસાદવસ્તુ, ધ્વજાદંડપૂંજા, પ્રાણ પ્રતિષ્ઠા, વિશેષ હોમ નિજ મંદિરમાં સ્થાપના, શુભ પૂર્ણાહુતિ, બીડું હોમ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સાથે ૨૪/૫/૨૩ના રોજ ધર્મસભા યોજવામાં આવશે. જેમાં પ.પૂ વલકુબાપુ દાનબાપુ જગ્યા ચલાલા, પ.પૂ આત્માનંદ સરસ્વતી બાપુ ભજનાનંદ આશ્રમ બોટાદ, પ.પૂ આઈ શ્રી દેવલઆઈ માં બલિયાવડ ધામ, પ.પૂ શ્રી જ્ઞાનેરી દેવી પાડરશિંગા દ્વારા સવારે ૯:૩૦ કલાકે ધર્મ સભા યોજવામાં આવશે અને તારીખ ૨૩/૫/૨૦૨૩ ને મંગળ વારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે અનુભાઈ ગઢવી, રણજીતભાઈ વાંક, ઉદય ભાઈ ધાધલ, શેખરદાન ગઢવી સહિતના કલાકારો દ્વારા લોક ડાયરો યોજવામાં આવશે. આ સમગ્ર આયોજન ખુમાણ પરિવાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### કર્ણાટક ચૂંટણીમાં વિજય બાદ કોંગ્રેસ સરકારના શપથ

# કર્ણાટકના મુખ્યપ્રધાનપદે સિદ્ધારમૈયાએ શપથ લીધા

## નાયબ મુખ્યપ્રધાન પદે ડી.કે. શિવકુમારે શપથ લીધા મલ્લિકાઅર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી હાજર

બેંગલુરૂ, તા.૨૦

સિદ્ધારમૈયાએ કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવ્યાના બરાબર એક સપ્તાહ બાદ શનિવારે અહીં બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ડી.કે. શિવકુમારે નાયબ મુખ્યમંત્રી તરીકે અને કેટલાક અન્ય ધારાસભ્યોને મંત્રી તરીકે શપથ લીધા.

સિદ્ધારમૈયા શપથ લેવા માટે મંચ પર પડેલી ખુરશી પરથી ઉભા થયા. જ્યારે તેઓ શપથ લેવા પહોંચ્યા તો આ દરમિયાન તેઓ માઈક તરફ જવા લાગ્યા. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તેમને રોક્યા અને હસીને કાગળ સોંપ્યો. કદાચ તેમણે સિદ્ધારમૈયાને કહ્યું હતું કે ઓછામાં ઓછું આ કાગળ લઈ જાઓ. સિદ્ધારમૈયા પણ હસ્યા અને પછી સિદ્ધારમૈયાએ સીએમ તરીકે શપથ લીધા. જે બાદ સ્ટેજ પર હાજર લોકોને મળ્યા. રાજ્યપાલે સિદ્ધારમૈયાને પુષ્પ આપીને અભિનંદન પાઠવ્યા હતા.

સિદ્ધારમૈયા બાદ ડીકે શિવકુમારે શપથ લીધા. તેમણે મંચ પર હાજર લોકો સાથે હાથ મિલાવ્યા અને શપથ લેવા માટે આગળ વધ્યા. તેમણે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ડીકે શિવકુમાર પછી ત્રીજા નંબરે જી પરમેશ્વરે શપથ લીધા.

ચોથા નંબર પર કેએચ મુનિયપ્પાએ શપથ લીધા હતા. મુનિયપ્પા દેવનહલ્લીની કોલાર સીટથી સાતમી વખત ધારાસભ્ય બન્યા છે. તેઓ ૩૦ વર્ષથી સાંસદ છે. તેઓ કેન્દ્ર સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૦૯માં રેલ્વે રાજ્યમંત્રી પણ હતા. તેમને તેમના કદ પ્રમાણે ચોથા નંબર પર શપથ લેવા મોકલવામાં આવ્યા હતા. શપથગ્રહણ બાદ સાંજે કેબિનેટની બેઠક થશે અને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વાયદા પૂરા કરવાની કામગીરી કરવામાં આવશે.

રાહુલ ગાંધી મંચ પર આવ્યા અને લોકોને સંબોધિત કર્યા. તેમણે એક પછી એક વિરોધ પક્ષોના નેતાઓના નામ લીધા અને પછી બધાનું સ્વાગત કર્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે હું કોંગ્રેસ અને મારી તરફથી કર્ણાટકની જનતાનો આભાર માનું છું. તમે કોંગ્રેસને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. હું સમજું છું કે તમે છેલ્લા પાંચ વર્ષમાં કઈ સમસ્યાઓ સુધારી છે.

મીડિયામાં લખવામાં આવ્યું હતું કે કોંગ્રેસ આ ચૂંટણી કેમ જીતી? આ જીતનું એકમાત્ર કારણ એ છે કે કોંગ્રેસ પાર્ટી ગરીબો, દલિતો, આદિવાસીઓ અને પછાત લોકોની સાથે છે. અમારી પાસે સત્ય અને કર્ણાટકના લોકો હતા. ભાજપ પાસે પૈસા, સત્તા અને પોલીસ બધું હતું. પરંતુ કર્ણાટકની જનતાએ તેમની તમામ શક્તિઓ, ભ્રષ્ટાચાર અને નફરતને હરાવી. જેમ આપણે યાત્રા દરમિયાન કહ્યું હતું કે નફરત નાબૂદ થઈ ગઈ છે અને પ્રેમની જીત થઈ છે. ભાજપે કર્ણાટકમાં નફરતના બજારમાંથી ઘણી દુકાનો ખોલી છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે અમે તમને પાંચ વચનો આપ્યા હતા.

તેમણે એક પછી એક વચનો યાદ કરાવતા કહ્યું કે અમે ખોટા વચનો આપતા નથી. જે કહીએ છે તે કરીએ છે. કર્ણાટક સરકારની પ્રથમ કેબિનેટ બેઠક એક-બે કલાકમાં થશે. તે બેઠકમાં પાંચેય વચનો અંગે કાયદો બનાવવામાં આવશે. સરકારનો ઉદ્દેશ્ય આપણા ખેડૂતો, મજૂરો, નાના દુકાનદારો, યુવાનોની સુરક્ષા અને તેમના ભવિષ્યને સુવર્ણ બનાવવાનો છે. કર્ણાટકની જનતાએ કોંગ્રેસને જે સત્તા આપી છે તેને અમે ક્યારેય ભૂલીશું નહીં. આ સરકાર કર્ણાટકની જનતાની છે. અમે તમારા માટે કામ કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું. આ સમારોહમાં સામેલ થનારા દિગ્ગજોમાં મલ્લિકાઅર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, મહેબૂબા મુફ્તી, સ્ટાલિન, નીતિશ કુમાર અને તેજસ્વી યાદવ, શરદ પવાર, સીતારામ યેચુરી, કમલ હાસન સહિત અન્ય સામેલ છે. જોકે અહેવાલ અનુસાર સ્વાસ્થ્યના કારણોસર સોનિયા ગાંધી આ કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા નથી. બીજી બાજુ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રીને આમંત્રણ જ આપવામાં આવ્યું નથી.

### ગુગલે યુટ્યુબની નવી એડ નીતિમાં ફેરફાર કર્યા

# યુટ્યુબ 30 સેકન્ડની જાહેરાતો બતાવશે, સ્કિપ નહીં કરી શકાય

## આ નવી એડ પોલિસી અમેરિકાથી શરૂ થશે, અન્ય દેશોમાં આ ક્યારે લાગુ થશે તે અંગે ગૂગલે માહિતી આપી નથી

વોશિંગ્ટન, તા.૨૦

આજે દરેક લોકો મોબાઈલ તેમજ સ્માર્ટ ટીવી પર યુટ્યુબ જોતા હોય છે. જો કે હવે લોકોને યુટ્યુબ પર લાંબી જાહેરાતો જોવા તૈયાર રહેવુ પડશે. ગુગલે યુટ્યુબની નવી એડ નીતિમાં ફેરફાર કર્યા છે. હવે ગુગલે યુટ્યુબ વીડિયોઝમાં લાંબી જાહેરાતો બતાવવાનું મન બનાવી લીધું છે. હવે યુઝર્સ પાસે આ એડને સ્કિપ કરવાનો વિકલ્પ પણ નહીં હોય. યુટ્યુબ નવી જાહેરાત નીતિમાં અનુસાર વીડિઓની વચ્ચે ૩૦-સેકન્ડની જાહેરાત બતાવવામાં આવશે. આ નવી એડ પોલિસી અમેરિકાથી શરૂ થશે. અન્ય દેશોમાં આ ક્યારે લાગુ થશે તે અંગે ગૂગલે કોઈ માહિતી આપી નથી. જો આ પ્રયોગ ત્યાં બિઝનેસની દ્રષ્ટિએ સફળ થશે તો ગૂગલ તેને ભારત સહિત અન્ય દેશોમાં લાગુ કરશે. હાલમાં યુટ્યુબ એક જ વિડિયો પર સ્કિપ બટન સાથે ૧૫-સેકન્ડની બે જાહેરાતો બતાવે છે. જો કે વીડિયોના આધારે જાહેરાત અલગ હોઈ શકે છે.

ગૂગલે યુટ્યુબની નવી એડ પોલિસી વિશેની માહિતી એક બ્લોગ પોસ્ટ મારફતે આપી છે. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે ગૂગલ સ્માર્ટ ટીવી પર યુટ્યુબ વીડિયોમાં પૉઝ એડ આઈડિયાને પણ લાગુ કરશે. આ સુવિધામાં જ્યારે કોઈ વીડિયો પૉઝ કરવામાં આવે છે ત્યારે એક જાહેરાત પોપ અપ થશે અને જ્યાં સુધી વિડિયો ફરીથી ચલાવવામાં ન આવે ત્યાં સુધી તે દેખાડવામાં આવશે. આ જાહેરાત જ્યારે પૉપ અપ થાય છે ત્યારે સ્ક્રીન પર પૉઝ વિડિયોનું કદ ઓછું થઈ જશે.

હાલમાં યુટ્યુબ પર લાંબી જાહેરાતને સ્કિપ કરવાનો એકમાત્ર વિકલ્પ સ્વરુપે યુટ્યુબ પ્રીમિયમ સબસ્ક્રિપ્શન છે. ભારતમાં યુટ્યુબ પ્રીમિયમ સબસ્ક્રિપ્શનનો ખર્ચ દર મહિને રૂપિયા ૧૨૯ છે. પ્રીમિયમ સબ્સ્ક્રાઈબર જાહેરાત સ્કિપ કરીને વીડિયો જોઈ શકે છે. પ્રીમિયમ સબસ્ક્રિપ્શન સાથે વપરાશકર્તાઓને યુટ્યુબ સંગીત અને પીપ મોડમાં વીડિઓઝ જોવાની ક્ષમતા સહિત અન્ય ઘણા લાભો પણ મળે છે.

ગૂગલ સહિતની મોટી ટેક કંપનીઓ આ સમયે નાણાકીય સમસ્યાઓનો સામનો કરી રહી છે. અમેરિકા સહિત કેટલાક દેશોની અર્થવ્યવસ્થાની ખરાબ સ્થિતિને કારણે જાહેરાતની આવક પર ખરાબ અસર પડી છે. એટલા માટે હવે કંપની તેની આવક વધારવા માટે નવા રસ્તાઓ શોધી રહી છે. એટલા માટે યૂટ્યૂબની એડ પોલિસીમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

### ૫૦ રુપિયાનો માલ લેવા બે હજારની નોટ આપી રહ્યા છે લોકો

# સવારથી જ પેટ્રોલ પંપમાં લોકો બે હજારની નોટો લઈને પેટ્રોલ ભરાવવા પહોંચ્યા

## APMC શાકભાજી વિક્રેતા પણ ૫૦૦ ની અને ૨૦૦ ની નોટ આપી રહ્યા છે, વેપારીઓનું કહેવું છે કે ૨૦૦૦ ની નોટનું ચલણ ઓછું છે

અમદાવાદ, તા.૨૦

રાજકોટમાં અલગ અલગ પાનની દુકાનોમાં પણ લોકો ૨,૦૦૦ની નોટ લઈને આવી રહ્યા છે. ૫૦ કે સો રૂપિયાનો માલ લેવો હોય અને લોકો ૨૦૦૦ની નોટ કાઢે છે. વેપારીએ કહ્યું ૨૦૦૦ ની નોટના છૂટા કેમ આપવા. ૨૦૦૦ ની નોટ અત્યાર સુધી માર્કેટમાં દેખાતી નહોતી પરંતુ ગઈકાલ રાતથી મોટી સંખ્યામાં ૨૦૦૦ની નોટ દેખાઈ રહી છે.

સુરતમાં ૨૦૦૦ ની નોટને લઈ જાહેરાત થતા સવારથી રાજ્યમાં કંઈક અલગ માહોલ જોવા મળી રહ્યો છે.

સુરત APMC માર્કેટ માં પેમેન્ટને લઈ માહોલ બદલાયો છે. શાકભાજી વેચવા આવનાર ખેડૂતો ૨૦૦૦ ની નોટને બદલે ૫૦૦ ની નોટ મળે તેવો આગ્રહ રાખી રહ્યા છે.

ગામડામાં ૨૦૦૦ ની નોટના છુટ્ટા મળતા નથી તેવી કેફિયત રજુ કરાઈ છે. APMC શાકભાજી વિક્રેતા પણ ૫૦૦ ની અને ૨૦૦ ની નોટ આપી રહ્યા છે. વેપારીઓનું કહેવું છે કે ૨૦૦૦ ની નોટનું ચલણ ઓછું છે.

એકલ દોકલ ૨૦૦૦ ની નોટમાં વ્યવહાર થાય છે. અત્યારે ખેડૂતો ૨૦૦૦ ની નોટના બદલે ૫૦૦ ની નોટનો આગ્રહ રાખે છે. રાજકોટના અલગ અલગ પેટ્રોલ પંપમાં ૨૦૦૦ની નોટો ઢગલાબંધ આવવા લાગી છે.

ગઈકાલ સાંજથી અત્યાર સુધીમાં લાખો રૂપિયાની ૨૦૦૦ ની નોટ આવી છે. મોટાભાગના લોકો ૨,૦૦૦ ની નોટ લઈને જ પેટ્રોલ ડીઝલ પુરાવી રહ્યા છે.

મોટાભાગના વાહન ચાલકો ૨૦૦૦ ની નોટ લઈને આવી રહ્યા છે. ડિજિટલ પેમેન્ટ અને અન્ય ચલણનો પણ લોકો ઓછો ઉપયોગ કરી રહ્યા છે. એ તો બધાને યાદ છે કે,નવેમ્બર ૨૦૧૬ માં નોટબંધી બાદ કેટલાક મહિનાઓ સુધી દેશમાં ઘણી અરાજકતા સર્જાઈ હતી. જૂની નોટો જમા કરાવવા અને નવી નોટો મેળવવા લોકોને બેંકોમાં લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડ્યું હતું.

તો બીજી તરફ ગઈકાલે બે હજારની નોટ બંધ થવાની જાહેરાત થતા આજે સવારથી જ રાજ્યના પેટ્રોલ પંપમાં લોકો બે હજારની નોટો લઈને પેટ્રોલ ભરાવવામાં માટે જઈ રહ્યા છે. તો બીજી તરફ નાના વેપારીઓ બે હજારની નોટ લેતા અચકાતા જોવા મળી રહ્યા છે.

### રાજ્યમાં વધુ એક પરીક્ષામાં ગેરરીતિ

# વીજ કંપનીની પરીક્ષામાં ગેરરીતિ, બે આરોપીઓની ધરપકડ કરાઇ

## વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષામાં ગેરરીતિમાં કુલ ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે, આ પરીક્ષા વર્ષ ૨૦૨૨-૨૦૨૧માં યોજાઈ હતી

સુરત, તા.૨૦

ગુજરાતમાં વધુ એક પરીક્ષામાં ગેરરીતિનો પર્દાફાશ થયો છે. ગુજરાતની વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષામાં ગેરરીતિ થઈ હોવાનું સામે આવતા સુરત ક્રાઈમ બ્રાન્ચે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પરીક્ષામાં થયેલી ગેરરીતિનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષાઓમાં ગેરરીતિ કરનારા બે ઝડપાયા છે. આ મામલે ક્રાઈમ બ્રાન્ચના DCP રૂપલ સોલંકી પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપી છે.આ મામલે DCP રૂપલ સોલંકીએ માહિતી આપતા જણાવ્યું છે કે, સુરત ક્રાઈમ બ્રાન્ચના PI ફરિયાદી બન્યા છે. ઈન્દ્રવદન પરમાર, ઓવેશ કાપડિયાની ધરપકડ કરવામાં આવી છે.

વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષામાં ગેરરીતિમાં કુલ ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. આ પરીક્ષા વર્ષ ૨૦૨૨-૨૦૨૧માં યોજાઈ હતી. પરીક્ષા રાજ્યના વિવિધ સેન્ટરોમાં લેવાઈ હતી. માત્ર સુરત જ નહીં અમદાવાદ, વડોદરામાં પણ ગેરરીતિ આચરવામાં આવી હતી.

બે પરીક્ષા કેન્દ્રોમાં ગેરરીતી આચરવામાં આવી હતી.આ કેસમાં અનિકેત ભટ્ટ અને ભાસ્કર ચૌધરી હજુ વોન્ટેડ છે. તેઓ ઉમેદવારોનો અગાઉથી જ સંપર્ક કરી લેતા હતા.આ ટોળકીએ કયા કયા લાભાર્થીઓનો સંપર્ક કર્યો તેની તપાસ ચાલુ છે. ઈન્દ્રવદન પરમાર, ઓવેશ કાપડિયાની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

### આચાર સંહિતા ભંગના બે કેસમાં કાર્યવાહી

# મુખ્તાર અંસારીના નાના પુત્ર સામે બિન જામીનપાત્ર વોરંટ

## આ કેસમાં આરોપી મુખ્તારનો એક પુત્ર કાસગંજ જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૨૦

આચારસંહિતા ભંગના બે કેસમાં આરોપ ઘડવા માટે શુક્રવારે એમપી/એમએલએ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ગેરહાજર રહેવા બદલ કોર્ટે મુખ્તારના પુત્ર ઉમર અંસારી સામે બિન જામીનપાત્ર વોરંટ ઈશ્યુ કર્યું છે. બંને કેસમાં આગામી સુનાવણી ૨ જૂને થશે. સીજેએમ એમપી / એમએલએ કોર્ટ શ્વેતા ચૌધરીની કોર્ટમાં શુક્રવારે આચારસંહિતાના ઉલ્લંઘનના બે કેસમાં આરોપ ઘડવા માટે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

આ કેસમાં આરોપી મુખ્તારના પુત્ર અબ્બાસ અંસારીને કાસગંજ જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જ્યારે ઉમર અંસારી કોર્ટમાં હાજર નહોતો રહી શક્યો. ઉમર હાજર ન થવાના કારણે આરોપો ઘડી શકાયા ન હતા. ઉમરની ગેરહાજરી અંગે કડક વલણ અપનાવતા કોર્ટે તેની સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ વિધાનસભાની ચૂંટણી દરમિયાન પરવાનગી વિના રોડ-શો કાઢવામાં આવ્યો હતો અને ચૂંટણી જીત્યા બાદ ૧૦ માર્ચે પરવાનગી વિના વિજય સરઘસ કાઢવા બદલ મુખ્તાર અંસારીના બે પુત્રો અબ્બાસ અંસારી અને ઉમર અંસારી ઉપરાંત ગણેશ દત્ત મિશ્રા, મન્સૂર અંસારી, મોહમ્મદ ઈશા ખાન, શાહિદ લારી, શાકિર લારી, ઝુલ્ફેકાર અને ધર્મેન્દ્ર સોનકર વિરુદ્ધ આચારસંહિતાના ભંગ બદલ બે કેસ નોંધ્યા હતા. શુક્રવારે બંને કેસમાં આરોપ ઘડવાના હતા.

### RSS કાર્યકર્તાઓની હત્યાના સળગતા મુદ્દા વચ્ચે

# સળગતા મુદ્દા વચ્ચે કર્ણાટકમાં ભાજપ શા માટે હારી ગયું?

## બંને વચ્ચે સુગમ કાર્યકારી સમીકરણ હોવા છતાં આ વિસ્તારમાં ભાજપને કારમી હાર મળવી એ કોઈ આંચકાથી ઓછું નથી

નવી દિલ્હી, તા.૨૦

RSS કાર્યકર્તાઓની હત્યાના સળગતા મુદ્દા વચ્ચે કર્ણાટકમાં ભાજપ શા માટે હારી ગયું? હલાલ-હિજાબ નહીં, આ છે કારણ ગત વખતે કોસ્ટલ કર્ણાટકમાં ભાજપે ૧૯માંથી ૧૭ સીટો જીતી હતી. આ વખતે આંકડો ઘટીને ૧૩ પર આવ્યો છે.

આરએસએસના મતે, હાર પાછળનું કારણ હલાલ-હિજાબ નથી પરંતુ સરકારનું તેમના કડારની સાથએ સાથે ઉભી ન રહેવું છે. કર્ણાટક ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક સપ્તાહ બાદ પણ ભાજપમાં હારનું મંથન ચાલુ છે. બીજેપી સાથે આરએસએસના વરિષ્ઠ નેતાઓ વિશ્લેષણ કરી રહ્યા છે કે કેવી રીતે તટીય કર્ણાટકમાં હિન્દુત્વ કાર્ડ નિષ્ફળ ગયું. તે પણ જયારે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ બીએલ સંતોષ અને આરએસએસના સરકાર્યવાહ દત્તાત્રેય હોસાબલે બંને સંઘની પૃષ્ઠભૂમિ અને મૈસૂર પ્રદેશમાંથી આવે છે. બંને વચ્ચે સુગમ કાર્યકારી સમીકરણ હોવા છતાં આ વિસ્તારમાં ભાજપને કારમી હાર મળવી એ કોઈ આંચકાથી ઓછું નથી. કોસ્ટલ કર્ણાટકમાં ઘણી સીટો પર ભાજપનો કુલ વોટ શેર લગભગ અડધો થઈ ગયો છે. કોસ્ટલ કર્ણાટકમાં પણ ભાજપની સીટ ટેલીમાં ઘટાડો નોંધાયો છે. ૨૦૧૮માં પાર્ટીએ અહીં ૧૯માંથી ૧૭ સીટો જીતી હતી, જ્યારે આ વખતે તે માત્ર ૧૩ સીટો જ જીતી શકી હતી. કહેવામાં આવી રહ્યું છે કે કર્ણાટક ચૂંટણીના પરિણામથી સંઘ ખૂબ જ નારાજ છે કારણ કે સંગઠન દરિયાકાંઠાના વિસ્તારમાં સૌથી વધુ સક્રિય છે.

આ વિસ્તારમાં ઘણા RSS સ્વયંસેવકોની હત્યાના મામલા પણ સામે આવ્યા છે અને પ્રતિબંધિત PFI સાથે સતત સંઘર્ષ પણ ચાલી રહ્યો છે. એક અંગ્રેજી ન્યૂઝ વેબસાઈટ સાથે વાત કરતાં RSSના એક વરિષ્ઠ કાર્યકર્તાએ કહ્યું કે ચૂંટણી પરિણામો હિજાબ-હલાલ જેવા મુદ્દાઓની નિષ્ફળતા નથી, જેને પાર્ટીની હારનું પ્રાથમિક કારણ ગણાવવામાં આવી રહ્યું છે. "હિજાબ અને હલાલ સંબંધિત મુદ્દાઓ અસામાન્ય ન હતા. આ સંબંધિત હતા જે ઉઠાવવામાં આવ્યા હતા અને પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા હતા.

દુર્ભાગ્યપૂર્ણ છે કે અમારી સરકાર હોવા છતાં તે અમારા સભ્યો અને સ્વયંસેવકો સાથે ઉભી જોવા મળી નથી. તેમણે PFI કટ્ટરપંથીઓ અને અમે ઉગ્રવાદીઓ સામે એકલા હાથે લડ્યા હતા આરએસએસના સભ્ય અને બીજેવાયએમના નેતા પ્રવીણ નેતારુની હત્યા આરએસએસ માટે એક વળાંક હતો. સ્થાનિક ભાજપ અને આરએસએસના સભ્યોએ ત્યારબાદ ભારે વિરોધ પ્રદર્શન કર્યા અને તત્કાલીન ભાજપ સરકાર પર નિષ્ક્રિયતાનો આરોપ લગાવ્યો.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એકિસડન્ટ) થયેલ ફેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફેકચરની અધતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂ.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## કોંગ્રેસનાં કાર્યકરો કર્ણાટકનાં પરિણામોનો માત્ર આનંદ માણી રહ્યાં છે

# અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષનું સંગઠન દયનીય સ્થિતિમાં


**વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લાની તમામ બેઠકોમાં કોંગ્રેસ પક્ષને મળેલ ઘોર પરાજયની કળ ૬ મહિના થયા હજુ સુધી વળતી નથી**

**લોકસભાની ચૂંટણીને હવે ૧૧ મહિના જેટલો જ સમય બાકી છતાં પણ કોંગ્રેસમાં કોઈ સળવળાટ જોવા મળતો નથી**

**લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે તે લગભગ નિશ્ચિત**

**ભાજપનાં હાથે છેલ્લા ૩૦ વર્ષથી માર ખાતી કોંગ્રેસમાં હવે નિરાશાનો માહોલ જોવા મળે છે**




અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં કારમો પરાજય પામનાર કોંગ્રેસ પક્ષમાં ભયાનકપણે નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકસભાની ચૂંટણીને માત્ર ૧૧ મહિનાનો સમય બાકી હોવા છતાં એકલ–દોકલ આગેવાન સિવાય અન્ય તમામ આગેવાનો અને કાર્યકરો કર્ણાટકમાં કોંગ્રેસને મળેલ સફળતાનો આનંદ માણીને ખૂશ થઈ રહ્યાં છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ પક્ષનાં વળતા પાણી શરૂ થયા છે. જો કે એક વખત લોકસભાની ચૂંટણીમાં અને એક વખત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને સફળતા મળી રહી છે. અન્ય તમામ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને પરાજયનો

અનુસંધાન પાના ૬ ઉપર

## પેટ કરાવે વેઠ

ઈરે દરેક જીવનું સર્જન કર્યુ સાથે જીવન જીવવા ખોરાક અનિવાર્ય છે. ત્યારે પેટ કારાવે વેઠની કહેવત માનવ સાથે પ્રાણીઓને પણ આટલી જ લાગુ પડી રહી હોય તેમ સાવરકુંડલાના લીમડી ચોક ખાતે એક બકરી પેટનો ખાડો પૂરવા ફોર વ્હીલ કાર પર બે પગે ઊભી રહીને લીમડાના પાન આરોગતી મોબાઈલ કેમેરામાં કેદ થયેલ હતી. ૧૦ ફીટ લીમડાની ડાળને આંબવા એક ફોર વ્હીલ કાર આવીને ઉભી રહી ને બકરી તૃપ્ત થઈ શકી હતી. ત્યારે કહેવાય છે કે ઈર ભૂખ્યો ઉઠાડે છે પણ ભૂખ્યો સુવડાવતો નથી જે આ ફોટો પરથી સ્પષ્ટ થઈ શકે છે.



### આગામી દિવસોમાં ચોમાસાનું આગમન થવાનું હોવાથી

# અમરેલી શહેરમાં આવેલ ભયજનક અને જર્જરિત મકાનો હટાવી લેવા પાલિકાનાં શાસકોની તાકીદ

**આજુ–બાજુનાં મકાન ઉપયોગ કર્તાઓને સાવચેતી રાખવા પણ જણાવાયું**

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેર હદ વિસ્તારમાં આવેલ તમામ સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી, ખાનગી, સ્લમ તથા અન્ય તમામ કવાર્ટસ તથા મકાન, ઈમારતમાં રહેતા કે તેનો ઉપયોગ કરતા કે હિત ધરાવતા તમામ વ્યકિતઓને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી જાહેર ચેતવણી આપવામાં આવે છે. કે, પોતાનાં મકાનનો ભયજનક / જર્જરિત ભાગ તાકીદે તત્કાલ ઉતારી લઈને બાકીનાં ભાગને સુરક્ષિત કરવાની કાર્યવાહી કાયદાને આધીન કરવાની રહેશે. આમ કરવામાં નહી આવે તો મકાન કે તેનો ભયજનક / જર્જરિત ભાગ પડી જવાથી આસપાસની મિલકતને કે જાનમાલને નુકશાન પહોંચાડી શકે છે. ભયજનક/

અનુસંધાન પાના ૬ ઉપર

### લોકસભાની ચૂંટણીને લઈને તડામાર તૈયારીઓ

# અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં ખજાનચી તરીકે જે.કે. સોહલિયાની વરણી

**જિલ્લાનાં જુદા–જુદા હોદ્દેદારોની પણ વરણી કરાઈ**

અમરેલી, તા. ૨૦

અમરેલી લોકસભા વિસ્તારમાં ગત વિધાનસભાની ચૂંટણીમાં એક લાખ કરતાં પણ વધારે મત મેળવીને ગારિયાધાર વિધાનસભા બેઠક કબ્જે કરવામાં સફળતા મળતાં જિલ્લામાં આમ આદમી પાર્ટીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અમરેલી લોકસભા



વિસ્તારનાં પ્રભારી, અમરેલી જિલ્લાનાં પ્રભારી બાદ પ્રદેશ આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી જિલ્લામાં આમ આદમી પાર્ટીનાં જિલ્લાનાં હોદેદારોની વરણી કરવામાં આવી. જેમાં જિલ્લા ખજાનચી તરીકે અમરેલીનાં વડેરા ગામનાં જે.કે. સોહલિયાની વરણી કરવામાં આવી છે.

### લાઠી નજીક આવેલ

# જાનબાઈ દેરડી ગામે સમાધાન માટે ભેગા થયેલ ૫ શખ્સોએ યુવકનાં હાથ ભાંગી નાખ્યા

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૦

લાઠી તાલુકાનાં જાનબાઈ દેરડી ગામે રહેતા નિલેશભાઈ રમેશભાઈ રાઠોડ નામનાં ૨૫ વર્ષિય યુવકનાં કૌટુંબિક મામાનાં દીકરા વિજયભાઈ રમેશભાઈ ડાભીની પત્ની આ નિલેશભાઈ સાથે ફોનમાં વાત કરતી હોય. જે વાતની ખબર વિજયભાઈને થતાં આ બાબતે ડખ્ખો થવાની સંભાવનાને લઈ આરોપી તથા યુવકનાં મિત્ર અર્જુનભાઈ શિવાભાઈ રવલીયાએ આ બન્ને મામા–ફૈઈનાં દીકરા વચ્ચે સમાધાન કરવા માટે ભેગા કર્યા. ત્યારે આરોપી વિજયભાઈ સહિત ૫ લોકોએ નિલેશભાઈને માર મારી બન્ને હાથ ભાંગી નાખ્યા હતા જયારે અન્ય આરોપીએ યુવકને બાંધી દઈ માર માર્યાની ફરિયાદ લાઠી પોલીસમાં નોંધાઈ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# ડેડકડી ગામે પાણી માટે મહિલા સરપંચને છરી બતાવી ધમકી અપાઈ

**૨ મહિલા સહિત ૪ ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં ગરમીનો પારો ઉંચે ચડતો જાય છે. ત્યારે કાળા માથાનાં માનવીનાં મગજનો પારો પણ ઉંચે ચડતો હોય. સાવરકુંડલા તાલુકાનાં ડેડકડી ગામે પોતાના ઘરે પ્રસંગ હોય જેથી ૨ મહિલા સહિત ૪ લોકો રાત્રીનાં સમયે મહિલા સરપંચનાં ઘરે પહોંચી જઈ મહિલા સરપંચ, પેણીના સાસુ તથા પતિને ગાળો આપી ૧ શખ્સે મહિલા સરપંચને છરી બતાવી અને રાજીનામું આપી દેવા ધમકી આપ્યાની ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં સાવરકુંડલા તાલુકાનાં ડેડકડી ગામે રહેતા અને ગામનાં સરપંચ તરીકે સેવા આપતા શીતલબેન નિલેશભાઈ ઘેવરીયા ગઈકાલે રાત્રીનાં સમયે ૧૦ વાગ્યાનાં સમયે પોતાના ઘરે હતા ત્યારે તે જ ગામે રહેતા હનીફાબેન હાજીભાઈ સમા તથા તેમની સાથે ૧ મહિલા તથા બે અજાણ્યા પુરૂષો મળી કુલ ૪ લોકોએ ત્યાં આવી કહેવા લાગેલ કે અમારે ત્યાં લગ્ન પ્રસંગ છે અને અમારે પાણીની જરૂરિયાત છે એટલે તું સરપંચ હોય તું વાલ્વમેનને કહે કે અમને પાણી આપે

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલાનાં મોમાઈપરાની ઘટના

# ઉધાર માવો આપવાની ના પાડતા વેપારીની આંગળી ભાંગી નાખી

અમરેલી, તા. ૨૦

સાવરકુંડલા ગામે મોમાઈપરામાં રહેતા સુરેશભાઈ હિંમતભાઈ કડેવાલ નામનાં ૨૯ વર્ષિય યુવક તા. ૧૮નાં રાત્રે પોતાની દુકાને હોય. ત્યારે સામાવળા કાનજીભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

LG BEST SHOP
Goodbye Germs,
Hello Life with Steam
Presenting a wide range of Front Load Washing Machines with Steam feature, AIDD, and LG ThinQ with Wi-Fi.



મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ,
અમરેલી. મો. 99 74 77 23 77



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૮૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
વક્ત સે પહેલે ઔર
કિસ્મત સે જ્યાદા
કભી કિસીકો કુછ નહિ મિલતા
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D / 4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)